Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

सर्वान् पश्यन्तु बन्धूनिव जगति जना भेदबुद्धिं विहाय
स्थाने पात्रे च कर्तुं वितरणमसकृद्यास्तु बुद्धिर्धनस्य ॥
दीने नम्रा भवन्तु प्रखरधनवतामग्रगण्या हि शश्वद् ।
'आत्मानन्द प्रकाशं' विदधतु हृदये श्रीजिनः श्रावकानाम् ॥

पु० २३ मुं | वीर सं. २४५२. फाल्गुन आत्म सं. ३० | अंक ८ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर

## વિષયાનુક્રમણિકા.


| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ પરમેષ્ઠિ ગુણ સંક્ષિપ્ત વિવરણ. | ૧૭૭ | ૫ શ્રી શાંતિનાથજીની સ્તુતિ. | ૧૯૧ |
| ૨ ધર્મરૂપી બાગનાં પાંચ પુષ્પો. | ૧૭૮ | ૬ ગાર્હસ્થ્ય જીવન ... ... | ૧૯૨ |
| ૩ વિશ્વરચના પ્રબંધ... ... | ૧૭૮ | ૭ વર્તમાન સમાચાર. ... | ૧૯૭ |
| ૪ ષડ્દર્શન શાસ્ત્રવેત્તા શ્રી હરિભદ્રસૂરિ. ... ... ... | ૧૮૪ | ૮ ગ્રંથાવલોકન. ... ... | ૨૦૧ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## છપાઇ તૈયાર થયેલ અપૂર્વ ગ્રંથ.

## " गुरुतत्त्व विनिश्चय । "

પ્રસ્તુત ગ્રંથના કર્તા ન્યાયાચાર્ય મહોપાધ્યાય **શ્રીમાન્ યશોવિજયજી** મહારાજ છે. ગુરૂતત્ત્વના સ્વરૂપનો સંગ્રહ વાચકોને એકજ ઠેકાણે મળી શકે એવા ઉદ્દેશથી તેઓશ્રીએ જૈનાગમોનું દોહન કરી પ્રસ્તુત ગ્રંથમાં તેવા સંગ્રહને રોચક અને સરલ છતાં પ્રૌઢભાષામાં વર્ણવેલો છે. જેનો ખ્યાલ વિદ્વાન્ વાચકોને ગ્રંથના નિરીક્ષણથી આવી શકશે.

સંસ્કૃત ભાષાને નહી જાણનાર સાધારણ વાચકો પણ પ્રસ્તુત ગ્રંથ માટેની પોતાની જિજ્ઞાસા પૂર્ણ કરી શકે છે. માટે ગ્રંથની આદિમાં સંપાદકે ગ્રંથનો તેમજ તેના કર્તાનો પરિચય કરાવી ગ્રંથનો તાત્ત્વિક સાર તથા વિષયાનુક્રમ આદિ ગુજરાતી ભાષામાં આપેલ છે. અને અંતમાં ઉપયોગી પરિશિષ્ટો તથા ઉપાધ્યાયજીના અજ્ઞાત બે અપૂર્વ ગ્રંથોનો ઉમેરો કરવામાં આવ્યો છે.

ખપી મુનિમહારાજો તેમજ ગૃહસ્થોએ મંગાવવા સાવધાન રહેવું. દરેક લાભ લઇ શકે તે માટે કિંમત અડધી રાખવામાં આવી છે. કિંમત રૂા. ૩-૦-૦ ટપાલ ખર્ચ જુદું પડશે. અમારે ત્યાંથી મળી શકશે.

---

પાના ૫૦૦) ઉપર. કિંમત ત્રણ રૂપૈયા પોસ્ટ અલગ.

## શ્રી દાનપ્રદીપ.

( જિન આગમરૂપી અગ્નિ પાસેથી વિવિધ પ્રકારના અર્થરૂપી તેજને ગ્રહણ કરી જિન શાસનરૂપી મહેલમાં દાનરૂપી દીવાને પ્રકટ કરનાર અપૂર્વ ગ્રંથ. )

( અનેક મહાન પુરૂષોની જેમાં રસયુક્ત કથાઓ આપવામાં આવેલ છે. )

ધર્મના ચાર પ્રકાર દાન, શીયલ, તપ અને ભાવમાં દાનધર્મ મુખ્ય હોઇ દાન તીર્થંકર ભગવાન ચારિત્ર લીધા પહેલાં એક વર્ષ પર્યંત આપે છે, અને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રથમ દેશનામાં દાનધર્મની દેશના આપે છે, તેજ દાનધર્મનું વર્ણન આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. આ દાનધર્મના પાંચ ભેદો અને ઉત્તર ભેદો, વિસ્તારપૂર્વક વિવેચન અને આ દાનધર્મનું આરાધન કરનાર આદર્શ જૈન મહાન પુરૂષોના વીશ અદ્દભુત ચરિત્રો-રસયુક્ત કથાઓ બીજી અનેક અનેક અંતર્ગત કથાઓ અનેક જાણવાયોગ્ય હકીકત સાથે આપવામાં આવેલ છે. દાનધર્મ માટે આવો એક પણ ગ્રંથ અત્યાર સુધીમાં પ્રકટ થયો નથી. આ ગ્રંથ સાદ્યંત વાંચતા કોઇ પણ મનુષ્યને તે દાનધર્મ આદરવા તત્પર થતાં જલદીથી આત્મકલ્યાણ સાધી મોક્ષને નજીક લાવી શકે છે.

દરેક મનુષ્યે પોતાના ઘરમાં, લાઇબ્રેરીમાં મુસાફરીમાં આ ઉપયોગી ગ્રંથ રાખવો જ જોઇએ. કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું. ઉંચા એન્ટ્રીક પેપર ઉપર સુંદર ટાઇપથી છપાવી રેશમી કપડાથી છપાયેલ છે. લખોઃ—

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

---

## માનવંતા ગ્રાહકોને નમ્ર સૂચના.

ચાલતા આત્માનંદ પ્રકાશ પુસ્તક ૨૩ મા તથા હવે પછીના પુસ્તક ૨૪ મા બંને વર્ષની ચાલુ નિયમ પ્રમાણે બે વર્ષની ભેટ બુક છપાય છે. પ્રથમ લવાજમ બે વર્ષનું મોકલી આપવાથી વી. પી. ના પૈસાનો ગ્રાહકને બચાવ થાય છે. જેથી લવાજમ મોકલી આપવા સૂચના છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

का अरई ? के आणंदे ? इत्थं पि अग्गहे चरे, सव्वं हासं परिच्चज्ज आलीणगुत्तो परिव्वए । पुरिसा ! तुममेव तुमं मित्तं किं बहियामित्तमिच्छसि ? । जं जाणिज्जा उच्चालइयं तं जाणिज्जा दूरालइयं, जं जाणिज्जा दूरालइयं तं जाणिज्जा उच्चालइयं । पुरिसा ! अत्ताणमेव अभिनिगिज्झ, एवं दुक्खा पमुच्चसि । पुरिसा ! सच्चमेव समभिजाणाहि, सच्चस्साणाए उवट्ठिए से मेहावी मारं तरइ । सहिओ धम्ममायाय सेयं समणुपस्सइ ॥

आचाराङ्गसूत्रम् ।

पुस्तक २३ मुं. { वीर संवत् २४५२ फाल्गुन आत्मसंवत् ३०. } अंक ८ मो.

## પરમેષ્ટિ ગુણ સંક્ષિપ્ત વિવરણ

### 'ઉપાધ્યાયજી ગુણ વર્ણ

( ગિરિવર દરસન વિરલા પાવે—એ

ચોથે પદ પાઠક પ્રણમીજે, નમ્રપણે નિશદિ
પચવિંશ ગુણધારક પાઠકજી, દર્શન કરતાં દુઃ
એકાદશ[11] અંગબાર[12] ઉપાંગા, એતેવિશ ભ
તેથી એ ગુણ તેવિશ જાણો, ચરણ[2]કરણ સિત્ત

---

* આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ, ભગવતી, અંતગડ, અનુત્તરોવવાઇ, પ્રશ્નવ્યાકરણ, અને વિપાક એ રાયપસેણી, જીવાભિગમ, પન્નવણા, જંબુદ્વીપ પન્નતિ, ચંદ પન્ન, વડંસિયા, પુપ્ફિયા, પુપ્ફચૂલિયા, અને વન્હિ—દશાંગ એ બાર ઉ તેથી તેવીશ ગુણ થયા. તે સાથે ચરણસિત્તાર તથા કરણસિત્તાર ગુણો ઉપાધ્યાયજીના થયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ પચ્ચિશ ગુણવાસિત [1]વાચક, ધ્યાન ધરી અરિકર્મ હણિજે. ચે૦ ૪
અહનિશ એ નિજરૂપેં રમતા, વમતા વિષય કષાય અરિજે. ચે૦ ૫
દર્શન નાણ ચરણ શુભધારક, તારક જગમાં જીવ ભવિ જે. ચે૦ ૬
ઉપાધ્યાય ગુરૂ ઉપગારી, શરણું ગ્રહિ શાશ્વત પદ લિજે. ચે૦ ૭

અપૂર્ણ.

# ધર્મરૂપી બાગનાં પાંચ પુષ્પો.

( ત્રોટક છંદ. )

પ્રભુ પુર્ણ કૃપા થઇ મુજ પરે, સદ્‌ગુણો મળ્યા સદ્‌ગુરૂ ખરે;
શુભ ગુરૂતણા સહવાસ વડે, સદ્ ધર્મરૂપી શુભ બાગ જડે. ૧
પુષ્પ પાંચ મનોહર તો અરપ્યાં, ગુણ ગ્રાહક થૈ હરખેથી ગ્રહ્યાં;
ફુલ આદ્ય મનોહર હિંસ તજો, સહુ આત્મસમાન સદા નીરખો. ૨
નહીં કાંઇ વદો જુઠ તો મુખથી, બીજું પુષ્પ ગ્રહ્યું હરખે સુખથી;
પડી વીસરી કે ભુલી કોઇ ગયું, અદત્તા ન લહો ત્રીજું પુષ્પ ભલું. ૩
વીરશક્તિ સદા વીર કાર્ય દિસે, બ્રહ્મચર્ય તણો મહિમા અતિશે;
ફુલ ચોથું હતું લહ્યું તેહ ખરે, શિર મુકુટ તો સહુની ઉપરે. ૪
તૃણ તુચ્છગણી જગની ચીજને, દર્ઇલાત સદા સુ નિગ્રંથી બને;
ઉત્તમ પુષ્પ મળ્યાં જગમે, ગુરૂ પુણ્યવિજે પદને પ્રણમે. ૫

પી. એન. શાહ.

# વિશ્વરચના પ્રબંધ.

## ( નિવેદન ૧૩ મું. )

( ગતાંક પૃષ્ઠ ૧૫૬ થી શરૂ. )

હાસથી જણાય છે કે આદ્ય રાજ્ય સ્થાપક મૈનિસ
ેલ છે. ૨ ગરમીના આધારે કેટલાએક કહે છે કે
ાળ ૨ાા લાખ વર્ષનો છે અનુમાને કોડો વર્ષ થયા છે.
ોડ વર્ષ થયા હશે ! તે પહેલા કોઇ કરોડો વર્ષ પહેલાં
ા થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ ચેલ્ડીયન્સના ઇતિહાસ પ્રમાણે જગતનું આદિ કયારે હતું તે કહેવું મુશ્કેલ છે.

૪ કાળા ટાઇપના શબ્દોની સુચનાથી અને મિસર, આસિરિઆ, તથા બાબીલનના ઇતિહાસના આધારે સૃષ્ટિ અનાદિ માની શકાય છે. મહાપ્રીસુપ્રી ડાર્વીનના મત પ્રમાણે પૃથ્વી અનાદિ છે. ( કલમ-૧૬ )

૫ લોર્ડ કેલ્વીન માને છે કે-ભૂમિ પ્રથમ અંગારા જેવી હતી તે પર પ્રાણી ઉત્પત્તિને ત્રણ કરોડ વર્ષ થવા જોઇએ.

૬ હોર્નર—કહે છે કે ઇજીપ્તમાં ૧૩૦૦૦ વર્ષ પહેલાં વસ્તી હતી. તે પહેલાં વસ્તી થયાને અનંત યુગો થઇ ગયા છે.

૭ લોકમાન્ય તિલક—દશ હજાર વર્ષ પહેલાં આપણાં પૂર્વજોનું ઉત્તરધ્રુ નોર્વે સ્વીડન લેપલેન્ડમાં અસ્તીત્વ માને છે.

૮ મી. હેકેલ રૂપાંતર સ્વરૂપ પૃથ્વીના આરંભને ૨૦૦૦૦ વર્ષ માને છે.

૯ સર રોટબલ બોલ કહે છે કે-સુર્યની ચાલુ વર્ષમાં ( ઇસુની વીશમી સદીમાં ) ઉમર દશ કરોડ વર્ષની થશે. ( પ્રા. ઘ. ૨૯ )

૧૦ હર્બર્ટ સ્પેન્સરનો મત એવો છે કે-સૃષ્ટિતત્વ વિવર્તવાદમાં સામેલ છે એટલે વિકાસ વિનાસ ક્રિયાયુકત વિશ્વતત્વ છે ને તેથી ખચિત રવિ પણ એક દિને ઓલવાશે તેથી.

૧૧ વિલીયમ ટાઇમ્સ પણ કહે છે કે રવિનું તેજ ૪૬૦૦૦ વર્ષ સુધી હાલના રીતે રહે છે. ( જ્યો૦ ૫૩ )

૧૨ હવે નિહારીકા જગત તરીકે પૃથ્વીની ઉત્પત્તિ માનનાર કાંટ ને લાપ્લાસના ચોકઠા તપાસીયે તે કહે છે કે-પ્રથમ સુક્ષ્મ વરાલ હતી તેનો સમુદાય ભેગો

---

૪૦ પ્રો૦ પેરીન વર્તુલ નિહારીકાની ૫ લાખ સંખ્યા કહે છે. કદાચ વધારે પણ હશે. એક અદ્દભુત નિહારીકા ઉત્તરાકાશમાં એન્ડ્રામીન્ડા તારકાપુંજ પાસે છે તે અંડાકાર નિહારીકા પણ કહેવાય છે એકવર્તુલ નીહારિકા કેનીસવીને સીટી નામે તારકાપુંજ પાસે છે એક કન્યારાશિમાં અને એક સપ્તોર્ષ મંડળમાં છે. હાલ વર્તુલ નિહારીકામાં સુદ્રા નિહારીકાનો સમાવેશ થાય છે ( મનાય છે ) સૌથી જાણીતી નિહારીકા લાઇરા તારા પુંજમાં ખુલ્લી આંખે પણ ન દેખી શકાય એટલી દુર છે.

ડમ્બબેલ આકારની વર્તુલ નિહારીકા વલયેકયુલા નામે તારકાપુંજમાં છે.

એન્ડ્રોમીન્ડા તારકાપુંજની નિહારીકા ઓછામાં ઓછી ૧૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ માઇલ દુર છે ને બ્યાસ. ૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ માઇલ ધરાય છે કદાચ તેથી મોટીને વધારે દુર હોઇ શકે તેની ગતિ દર પળે ૨૫૦ માઇલ છે

કન્યારાશિની નિહારીકા દર પળે ૮૦૦ માઇલ જાય છે ( ભા૦ જ્યો૦ ૧-૮-૯ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇ પૂર્વ તરફ ગતિ કરવાને પિંડરૂપ બની સંકોચાવા લાગ્યો, જેમ સંકોચ થતો ગયો તેમ તેમ વેગ વધતો ગયો ને પીંડનો ઉપલો ભાગ—

કેંદ્રા પસારણ બળથી વીંટી ( બલૈયાં ચુડી ) રૂપે જુદો પડયો, એમ ઘણી ચક્ર વીંટીઓ થઇ હશે તે પણ ઘન રૂપે ચક્રવાળી ગતિમાંજ રહી હશે હવે તે ચક્ર વીટીમાંથી ઉપ ચક્ર વીંટી બની હશે, તેમાંથી મધ્યના ઘનપિંડે સુર્યનું રૂપ અને ચક્ર વીંટીએ ગ્રહોનું સ્વરૂપ પકડયું છે તેમજ પૃથ્વી સપાટ થવાથી હવે પૃથ્વીનો નવો ઉપગ્રહ નજ બની શકે ( ન માલુમ કે ) આ નિયમ યુરેનસને નેપ્ચુન લાગુ પડતો નથી, બાકી શનિ તો હજુ ચક્ર રૂપે છે, પૃથ્વીની જેમ રવિમાં લોઢું તાંબુ જસત નાઇટ્રોજન અને રેડીયમ પણ છે ને બાવીશ તત્વોના કાંટાના મતને, ફ્રેંચ પ્રોતા તેલના પિંડથી સારી રીતે સમજાવે છે પણ આમ તે માનેલ વરાલની ભ્રમણ શકિત કયાંથી આવી ને યુરેનસ નેપચ્યુનનો વિરોધ કેમ રહે છે ? તે સ્પષ્ટ થતું નથી. વળી હાલના વિદ્વાનો ધૂમકેતુનું ઉત્પત્તિ સ્વરૂપ જુદું ઠરાવે છે. કારણ કે પાશ્ચમાત્ય વિદ્વાનો તો મધ્યમપિંડને નહિ અનુસરનારા વરાલના કટકાને ધૂમકેતુ રૂપે ઓળખાવે છે.

૧૩ બીજા શતક આખરીયે ફ્રાંસમાં થયેલ વિદ્વાન જયો૦ લાપ્લાસનો વિશ્વોત્પતિ માટે તેજોમેઘ મત હતો તે આ પ્રમાણે છે. એક પ્રચંડ તેજોમય પૂંજ કઠિનતા, શીતલતા અને સંકોચતા એ ત્રણ કામ કરતાં અધિક ગતિવાળો બન્યો. ક્રમે તેમાંથી વલયોમાં નવા નવા પદાર્થોનો જમાવ થવાથી ગ્રહો બન્યા, તેમજ તેમાંથી ઉપગ્રહો બન્યા. અહીં મધ્યાભિગામીની મંદગતિને મધ્યોત્સારિણી તિવ્રગતિથીજ ગ્રહવિવેક થાય છે ત્યારે તે જો મેઘમતના વિરોધિઓ કહે છે કે પ્રજાપતિને વરૂણના ગ્રહોની ઉલટી ગતિવાળા વલયમાંથી રચના થવી અશકય છે. ગ્રહગતિના પણ ફેરફારો છે. તેજોમેઘની ગતિ પણ નિયમિત નથી, ધૂમકેતુને આકસ્મીક માટે સ્પષ્ટતા નથી, તેજોમેઘ કયાંથી બને છે. આ શંકાઓના ઉત્તરમાં ગુંચવાડો થાય છે માટે તે મત સિદ્ધાંતરૂપે મનાતો નથી તેથી તે હાલ પાછો પડયો છે.

૧૪ લાર્કીયસના આઘાતમતમાં જુદા જુદા ગોળાની ટક્કરોથીજ સૃષ્ટિક્રમની ઉત્પત્તિ મનાય છે. કોલતે મતને મળતો હતો, સંધ્યા પ્રકાશ કેમ થાય છે ? ચંદ્રની ચાલુ ગતિમાં ફેરફાર કેમ પડયો ઇત્યાદિ શંકાનું સમાધાન થતું નથી. આ આઘાત મત તેજોમેઘની અપેક્ષાએ અધિક વિશ્વાસી બન્યો નથી.

૧૫ વિશ્વગોલકની ઘટના માટે નોર્મિન લાર્કનના મતને પાકટકોલ વિગેરે સમજાવે છે કે, વિશ્વારંભે અતિ સુક્ષ્મ કણો ફેલાયાં. ક્રમે સંસ્કારે હૈડ્રોજન વાયુ થયો હશે તેમ બીજું કોઇ એકત્વ બન્યું હશે. વર્ણ લેખ પરથી જે તત્વ હાલ ઘણાજ ગરમ ભાગમાં હોય છે. તે હશે એમ વર્ણ લેખ પરથી માની શકાય છે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બન્ને તત્વોમાં સંકોચ અને સૂક્ષ્મ દ્રવ્યનો ફેલાવા બનતા ગયા, ક્રમે કેટલાક (૬) તત્વ ઉત્પન્ન થયા તે કેટલાક અશનિ જેવા હતા, તેમાંથી મધ્યાકર્ષની ગતિ થઇ. જુના કણોની ઉત્પત્તિ ને નવી અશનિ થવાના કાર્યો જોસભેર ચાલ્યા. તે અશનિ સંઘ તેજમય સ્વરૂપમાંજ રહી પીંડભાવમાં આગળ વધતા પૃથક્ પૃથક્ ખંડરૂપે ચક્રગતિ ભૂત બનતા ગયા. તે તેજોમેઘનો તારો બને છે. તેજ વિનાના તેજમયને મેઘકલ્પ કહે છે. ક્રમે ઉત્તરોતર તારા બનતા ગયા તેના છ વર્ગ પાડી શકાય છે. અભિજીતનો તારો ચોથા વર્ગમાં છે. રવિ એ-પાંચમા વર્ગમાં છે. ગ્રહો એ ચોથા વર્ગમાં થઇને છઠ્ઠા વર્ગમાં આવેલા તારાઓ છે. તે પાંચમા વર્ગમાં નહિ જવાથી તેમાં સંપૂર્ણ તેજ અને ક્રમોગુની હોતી નથી. રવિ ક્રમે છઠા વર્ગમાં જશે. પછી નિસ્તેજ બનશે એટલે આપણો (પૃથ્વી) નો પ્રલય થશે. કેટલાક નિસ્તેજ તારાઓ બીજાના સંઘર્ષથી સજીવન થશે ગરમી ઉત્પન્ન થશે, પુનઃ સૃષ્ટિક્રમ શરૂ થશે. આ પ્રમાણેનો તેજમેઘમત હાલ વધારે વિશ્વાસી બન્યો છે. ઉપર કહેવા પ્રમાણે આ મતમાં સૂક્ષ્મ પદાર્થોનું નિત્યપણું સૂચવાય છે. તથા વિશ્વનો અત્યંત ભાવ કે નવીનજ આવિર્ભાવ માની શકાતો નથી.

૧૬ વિદ્વાન ફીલસુફ ડાર્વીનની એવી માન્યતા છે કે-જડપર જડ વધે છે. *જડથી સજીવ વનસ્પતિ વધે છે, વનથી પશુઓ પુષ્ટ બને છે, પશુથી માંસાહારી વધે છે; એટલે મુળ જડત્વ છે. એમ અનેક સંયોગો ઉત્પન્ન થયેલ એક આદિ જંતુમાંથી ઉત્ક્રમે આ જગત બન્યું છે; વળી જેમ રવીની ઉષ્ણતાશકિત વૃક્ષમાં, વૃક્ષમાંથી દારૂમાં, દારૂમાંથી એક ચક્રમાં, એક ચક્રમાંથી બીજા ચક્રમાં એજ ક્રમે એ જીનમાં આવે છે. ને તે શકિત સૂર્યમાંથી આવી આ ઉત્ક્રમત્વ દેખાડે છે; તેવી જ રીતે વિશ્વમાં પ્રથમ ઇશ્વર, ને પછી આકર્ષણાદિત્વ શકિતરૂપ ચૈતન્ય એમ બે પદાર્થ હતા તેમાંથી ઉત્ક્રમે જગત બન્યું છે એવો ડાર્વિનનો સિદ્ધાંત છે. આ મતની પર્યાલોચનામાં પાશ્ચિમાત્ય વિદ્વાનો ઘટાવે છે કે જીવોત્પતિ માટેનું ગૂઢ સમજાતું નથી, તે બુદ્ધિથી બનતું નથી, પણ પૂર્વકાળે કોઇ એવા સંજોગો જીવોત્પતિ બની હશે; વળી દ્રવ્ય અવિનાશી છે ને શકિતને નિત્ય માન્યા વગર ચાલે તેમ નથી કારણ કે સૂર્યમાં ગતિથી ને ગતિમાં પરમાણુથી શક્તિનો આવિર્ભાવ માનીયે પણ પરમાણુમાં શકિત કોણે આપી ? આના ઉત્તરમાં મૌનતા ભજવી પડે છે. માટે ઉપલા બન્ને વિકલ્પો અસત્ય સિદ્ધાંતરૂપ મનાય છે (ડાર્વીન મત-વિવાદ) (જ્યો૦ ૫૩ થી ૫૮)

* આપણે જોઇ શકયા છીએ કે પૃથ્વી અપ, સજીવ હોય છે તેથીજ સ્વયં વૃદ્ધિ હાનિ થયાં કરે છે પણ જડ હોય તો તે વધી શકે નહી આ બધા મતોમાં સૂર્યમાળાનો ક્રમ ગોઠવાયેલ છે પણ તે ક્રમ પ્રથમથીજ ખોટો કરાવી ચુકયા છીએ માટે આમાં સત્ય શું માનવું છે તે દરેક સ્વબુદ્ધિથી વિચારશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૭ મી૦ જ્યોટસ્ટન–પોતાના શિષ્યોના વિજ્ઞાનના પાઠમાં ( સૃષ્ટિની ઉત્પતિ ગ્રંથમાં ) વિશ્વના આરંભ વિષે જણાવે છે કે, સૂર્યના કોઇ બીજા સૂર્ય સાથે ભટકાવવાથી કે બીજા કોઇ કારણથી ઘણા કટકા જુદા પડયા તે પૈકીનો એક કટકો આ પૃથ્વી છે. તે પ્રથમ તપ્ત અગ્નિમય હતો અનુક્રમે ઠંડો થયો ને તે પર સાગરો બન્યા તેમાં એમોબા ઉત્પન્ન થયું એમજ બીજા જંતુઓ પશુ પક્ષીઓ બન્યા છે પછી વાંદરાની જાતિ થઇ છે. આ જાતિજ મનુષ્યના પૂર્વ પુરૂષો છે આમ માનવાને ઘણી સાબીતીઓ મળી આવે છે. સૈબેરીયાના ઉત્તર ભાગમાંથી બે લાખ વર્ષ પ્રમાણ હીમાની યુગનું મેમથ પ્રેત નીકળ્યું છે તેનું માંસ તાજું છે. ચાલુ યુગને સાઠ હજાર વર્ષ થયા છે, આ યુગમાં મળેલ વાંદરાના હાડના અનુમાને ત્યારેજ માણસો બન્યા હશે એ સત્ય લાગે છે ત્રીજા યુગના +૪૩ ૧૦ કે ૨૫ ક્રોડ વર્ષ મનાય છે.

---

+૪૨ વાંદરામાંથી મનુષ્ય થયા આ વાત તો એટલી બધી સિદ્ધ થઇ ગઇ છે કે તેમાં શંકા કરનારને ગાંડાની હોસ્પીતલનો અધિકારી ગણાય છે, પણ પાશ્ચાત્ય વિદ્વાનોજ આ ડાર્વીનના evolution વિકાશ સિદ્ધાંતને ખોટો કહે છે અને જણાવે છે કે, વાંદરાની પહેલાં મનુષ્યો હતા આ શોધ કરનાર ઇટાલીનો વિદ્વાન વિજ્ઞાનવિદ્ ડો૦ એનરીકો માર્કોની છે. આજ રીતે એ સંબંધનો ઉંડો અભ્યાસ કરનારા વિદ્વાનોને ગુરૂત્વાકર્ષણના વિશ્વવ્યાપી નિયમો પણ ભૂલ ભરેલા જણાયા છે; આથી પાશ્ચાત્ય વિદ્વાનોના કથનને વેદવાકય માનનારા, અને પાશ્ચિમાત્ય વાતાવરણના ચશ્માવાળા આર્ય નામધારીઓને બહુ વિચાર થઇ પડશે. પણ આનંદની વાત છે કે તેઓ જરૂર વેદવાકય જેવા નિશ્ચયોને ફેરવે એવો સમય પાસે આવતો જાય છે અને તેથી તેઓ આર્યવર્તના પ્રાચિન તત્વોને સમજવાને પ્રયત્ન કરશે તો જરૂર જનતાને સારો લાભ આપી શકશે. ( પ્રાતઃકાળ પુ. ૧૪ અં. ૮ સં. ૧૯૭૨ )

+૪૩ એક જર્મન પ્રોફેસર કહે છે કે—અત્યાર સુધી એવી માન્યતા હતી કે શુદ્ધ લાલ અને લીલા રંગના મિશ્રણથી સફેદ રંગ તૈયાર થાય છે. પણ ખરી રીતે તેમાંથી પીળો રંગ તૈયાર થાય છે એક સ્થાનમાં આસમાની, પીળા અને રાતા કાગળ ઉપર ગળપણ ચોપડી, તે સ્થાનમાં મધ માખીઓને પુરી, તપાસ કરી તો તેઓ લાલ કાગળ ઉપર બેઠી જ નહીં. આવા પ્રયોગથી જણાય છે કે જીવસૃષ્ટિમાં મનુષ્ય, વાંદરા, અને કુતરાંજ જુદાજુદા રંગ ઓળખી શકે છે તથા બીલાડી કાળો અને ધોળો, મધમાખી ફકત આશમાની અને પીળો, તેમજ માછલાઓ ફકત લાલ અને લીલોજ રંગ ઓળખી શકે છે.

તે કહે છે કે—જીવ સૃષ્ટિની સંક્રમણાવસ્થામાં ત્રણ યુગ હતાં. પહેલા યુગમાં સજીવ પ્રાણીઓને ફકત કાળા અને ધોળા પદાર્થોનુંજ જ્ઞાન હતું.

બીજા યુગમાં પ્રકાશના લાંબા કિરણો આસમાની પદાર્થોનું અને ટુંકા કીરણો પીળા પદાર્થોનું જ્ઞાન આપતાં. ત્રીજા યુગમાં લાંબા કિરણ, અને ટુંકા પીળા કિરણ, લાલ, લીલા પદાર્થ બતાવવા લાગ્યા. દ્રશ્ય પદાર્થોથી " રેટીના " સુધી પહોંચનારી લહેરોની લંબાઇને લીધે રંગોમાં આ પ્રમાણે ફરક પડે છે.

આંખોની રચના જોવાથી ઉપરનો મહાયુગવાળો સિદ્ધાંત ખરો ઠરે છે ફેરોમાફમાં જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક માણસને ખોપરીની ત્વચા હલાવવાનું સામર્થ્ય હતું. ને તે સામર્થ્ય તેના વંશની સાત પેઢી સુધી રહેલ હતું, તે શકિત વાંદરામાં હોય છે, તેથી તે આપણા પૂર્વજો ઠરે છે.

પ્રો૦ હરશીલ—મનુષ્યને વાંદરામાં ઘણું તુલનાત્મક હોવાનું જણાવે છે મનુષ્યને પાંચમે છઠે ગર્ભે થતું કેશાચ્છાદન તે વાલવાળા પ્રાણીનો સમાનભાવ દેખાડે છે, કાંસ્ય યુગકાળમાં વાંદરાના હાડમાં નીચે કાણા હશે તેવા હાલ મનુષ્યને કાંણાં છે પણ હાલના વાંદરાને તેવા કાંણાં નથી પૂંછડા સહિત જન્મેલા મનુષ્યો પણ હોય છે.

બીજા પ્રકારના વાંદરામાંથી કેટલાક કાળે બે પગ બન્યા, તેનાજ ક્રમોન્નતિ રૂપે માણસો બન્યા છે. કારણ કે આફ્રીકાના ગારિલા કે ચીમ્પાઝી નામે વાંદરા માણસને મળતા છે. ક્રમે નૈસર્ગિક હાથ છુટા થવાથી બીજા પ્રાણીમાં શ્રેષ્ટ બન્યા. અનુકૂલ સાધનોથી બુદ્ધિનો પ્રકાશ થયો. ગરમ પ્રદેશના હાથીના વાળની પેઠે માણસના શરીરના વાળો નાબુદ થયા પણ પ્રાયે નિષ્પુચ્છ થાય છે, તે ઘસાતા તે સ્થાનના હાડકા રહે છે તેવીજ રીતે પુચ્છને સ્થાને મનુષ્યને કઠણ હાડકા હોય છે. બીજા કેટલાક અંગનો ફેરફાર છે તે અનુપયોગ કે વધારે ઉપયોગથી બન્યા છે. ક્રમે એકજ વ્યકિતમાંથી નરમાદા તરીકે વ્યકિતઓ જુદી પડી હશે, પણ પ્રથમ બન્નેના અવયવો સરખા હશે પછી આકસ્મિક રીતે કોઈ કારણે જનનાદિ ક્રિયા નિમિત બે ભેદ પડયા છે. બીજાને તે અવયવ નિરૂપયોગી થયું.

આ પ્રમાણોમાં સત્ય સ્વરૂપ શંકાશીલ રહે છે તોપણ અનુમાન થાય છે કે વાંદરાની જાતનું રૂપાંતર થવાથી વગડામાં જંગલમાં કે રણમાં ફરનારા ભરવાડ જેવી સ્થીતિ બની એટલે તે મનુષ્ય કહેવાણા. તે સ્થીતિમાંથી સુધરતા છુટા છુટા ઘરો બાંધ્યા, પછી પોતાનું રક્ષણ કરવા માટે ભેગા ભેગા જથાબંધ ઘરો બાંધવા લાગ્યા, ને તેનું ગામ એવું નામ આપ્યું. ખેતીનું કામ મનુષ્યોએ આરંભ્યું પૃથ્વીપર ઘણા ઘરો થયા, લોકોએ સ્વબુદ્ધિથી કળાઓ ખીલવી, નવા શહેરો બનાવ્યા આ પ્રમાણે આપણા પૂર્વજોથી આપણી બુદ્ધિ વિશેષ છે ને ભવિષ્યની પ્રજા તો તર્કથી ઘણીજ શોધ કરશે; આ પ્રમાણે સૂર્યના જડ ગોળામાંથી ઉત્ક્રાંતિરૂપે

---

પ્રમાણે પ્લેટ પાછળ રેટીના હોય છે તે પ્રમાણે આંખોની પાછળ રેટીના હોય છે અને એ રેટીનામાં ન્હાના ન્હાના યંત્રો હોય છે તેને રોડસ અને કોન્સ કહે છે, કોન્સ રોડસ કરતાં વધારે સ્પષ્ટ હોય છે, અને રેટીનાના મધ્ય ભાગે એકત્ર થાય છે. રોડસને લીધે ફકત કાળા અને ધોળા પદાર્થ દેખાય છે પરંતુ કોન્સમાં બીજા રંગો બતાવવાની શકિત છે.

બિલાડીની આંખોમાં ફકત રોડસ કહે છે અને મધમાખીની આંખોમાં એકલા કોન્સ હોય છે પરંતુ મનુષ્યની આંખમાં રોડસ અને કોન્સ બન્ને હોવાથી તેને બધા રંગ દેખાય છે.

(ચિત્રમયજગત ૮-૯ અકટોમ્બર ૧૯૨૩.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગતની ઉત્પતિ થયેલ છે ને આ પૃથ્વી સૂર્ય ફરતી ભ્રમણ કરે છે; ઘણે કાલે સર્વ પાછું સૂર્યમાંજ મળશે. ચૈતન્ય વાદીઓ કહે છે ઉપરના દરેક મતોમાં જડવાદને અગ્રગણ્ય મનાય છે પણ જડમાંથી ચૈતન્ય કદીપણ બની શકે નહિ; વળી ચૈતન્ય એજ જગતમાં કાંઇ જુદી વસ્તુજ નથી એમ કહેવાય તો સર જગદીશચંદ્ર બોઝે ચૈતન્ય હોવા વિષે જગને સિદ્ધ કરી આપેલ છે. ( ભારત સેવા. પુ ૧ અં. ૧૦ તા. ૨-૧-૨૦ )

હસનરામ કપુરરામના વ્યાખ્યાનમાં ઇજીપ્તના સુલતાનની વાતથી અને પ્રૌઢ યોગી મહાત્મા કેશી ગણધરે પ્રદેશી રાજાને કહેલ વચનોથી ચૈતન્યપણાનો આવિર્ભાવ સ્પષ્ટ માલુમ પડે છે. હું એમ તત્વથી વિચારતાં, હું પદ ધરાવનાર જીવ છે. તે જીવ જડથી કદી નજ બની શકે. વળી જંતુમાંથી પશુ પક્ષી ને મનુષ્ય બનાવવા આ વાત પણ હાસ્યજનક છે, કારણ કે " વા વાયાથી નળીયું ખસ્યું " એની પેઠે આ પ્રસંગ મેળવ્યો છે. તર્કણા ઉભી કરી, કલ્પના મહેલ ચણ્યો છે. ગરમી ઘટીને સમુદ્રો થયા આ બનાવ પણ અસંભવિત છે; તેવું પરાવર્તન કોઇ બે દ્રવ્યોથી એટલે ઉષ્ણતાને ઘી આદિના સંયોગોથી બને પણ સ્વભાવિક ન બની શકે. આ જ્યોટસન મતમાં પરાવર્તન ક્રિયા જોવાય છે. પણ નવું જગત બનાવ્યું એટલે કાંઇપણ નહોતું અને નવું બન્યું એમ કહેતાં નથી.

---

## ષટ્દર્શન શાસ્ત્રવેત્તા
## શ્રીહરિભદ્રસૂરિ

યાકીની મહતરા સુનુ ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા અને ષડ્દર્શન શાસ્ત્રવેતા તરીકે આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ જૈન સમાજમાં બહુ આગળ પડતો ભાગ ભજવે છે, તેઓના ગુરૂનું નામ શ્રી જીનદતસૂરી અને તેમના વિદ્યાગુરૂનું નામ જીનભદ્રસૂરી હતું. શ્રીમદ્ હરિભદ્રસૂરિનું જન્મસ્થળ પ્રખ્યાત વીરભુમી ચિત્રકુટ ( ચીતોડ ) હતું. તેઓ જાતે જૈન ન હતા જૈન કુળમાં જન્મ્યા ન હતા તેઓ ચુસ્ત બ્રાહ્મણ—વૈદિક આચાર વિચારમાં ક્રિયાકાંડમાં ઉછરેલા વૈદિક સંપ્રદાય વાળા બ્રાહ્મણ હતા. તેઓ દષ્ટીરાગી નહુતા, સત્યના જીજ્ઞાસુ હતા, વૈદિક ધર્મ મારો કુળધર્મ છે. માટે સાચો છે મને પ્રીય છે તેથી સાચો છે એવી વૃત્તિવાળા એ મહાન પુરૂષ ન હતા. તેમની પૂર્વાવસ્થામાં એ ચિત્રકુટના સુપ્રસિદ્ધ વિપ્ર સર્વ લૌકીક વિદ્યાના જાણુ હતા. સત્ય સંશોધક વૃત્તિ સિવાય સર્વ વિદ્યા વિશારદ થવું બહુ મુશકેલ છે. તેઓ અતુલ વિદ્યાના ધારક હોવાથી તેમને અભિમાન આવી ગયું હતું અને પ્રતિજ્ઞા કરી હતી કે " જો કોઇ કંઇ બોલે અને તેનો અભિપ્રાય હું ન જાણી શકું તો મારે તેના શિષ્ય થઇ રહેવું. તેઓશ્રી એવો ઘમંડ રાખતા કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મારા જેવો કોઈપણ પંડીત અત્યારે આર્યાવર્તમાં નથી.** આવા પંડિત પણ " બહુ રત્ના વસુંધરા " **એ સૂત્ર ભુલી ગયા એ તેમનો દોષ નથી પરંતુ તે** અભિમાનનો વિકાર છે.

" મોટા મોટા માનધાતાના પણ મદ મોડાય છે. ચક્રવર્તિ, બલદેવ, વાસુદેવ પ્રતિવાસુદેવ, રાજા મહારાજાઓના પણ મદ મુકાવનારા ઘણા મળ્યા છે. " તેવી રીતે આમની પ્રતિજ્ઞાનો ભંગ કરાવવા માટે સતિ શીરોમણી સરસ્વતી સરખા **આર્યા સાધ્વી યાકની મહત્તરા** સમર્થ થયા. એક વખતે સાંજે આ મદમાતા અભિમાની પંડિત એક જૈન ઉપાશ્રય પાસેથી પોતાના ઘર તરફ જતા હતા ત્યાં રસ્તામાં તે ઉપાશ્રયની અંદર એક પંડિતા સાધ્વી–આર્યા પોતાના સ્વાધ્યાયમાં મશગુલ બની નીચેનો શ્લોક સંભળાવતા હતા—

चक्की दुगं हरिपणगं पणगं चक्कीणं केशवो चक्की,
केशव चक्की केशवदु चक्की केशो अ चक्की अ.

અર્થાત અનુક્રમે બે ચક્રવર્તિ પાંચ વાસુદેવ, પાંચ ચક્રવર્તી એક વાસુદેવ, એક ચક્રવર્તી એક વાસુદેવ, એક ચક્રવર્તી એક વાસુદેવ, એક બે ચક્રવર્તી એક વાસુદેવ અને એક ચક્રવર્તી એમ ભરતક્ષેત્રમાં આ અપસર્પણી કાળમાં કુલ ૧૨ ચક્રવર્તી અને ૯ વાસુદેવ થયા એવો આ ગાથાનો ભાવાર્થ હતો.

પરંતુ હરિભદ્રને આ ગાથાનો અર્થ ન બેઠો એટલે તેને તો આ બધું ' ચાકચીક્ષ લાગ્યું ' અને અભિમાનના ઘમંડમાં આવી આર્યા પાસે જઇ મશ્કરી કરી કે અરે સાધ્વી આ ચકમક શું કરી રહી છે ? સમવર્તિની સુશિલા સાધ્વીએ ઉત્તર આપ્યો કે—**नवलिप्त चिकचिकायते** આમ દ્વિ અર્થી ઉત્તર આપી હરિભદ્રને ભોઠો પાડ્યો. આના બે અર્થ આ પ્રમાણે છે.

( ૧ ) નવું લીપેલું ચકચકે, ( ૨ ) અને બીજો અર્થ—અણઘડ નવો નીશાળીઓ લાગે છે કે જેથી તને મારો મધુર પાઠ ચકમક રૂપે લાગે છે.

**તેમનું પ્રતીજ્ઞા પાલન.**

**હરીભદ્રસૂરિ પ્રતિજ્ઞા પાળવામાં બહુ દ્રઢ હતા. એમણે તરતજ યાકીની મહતરા સાધ્વીને** કહ્યું કે મને આપનો શિષ્ય બનાવો. ત્યારે સાધ્વીએ કહ્યું અમારા ગુરૂ શ્રી **જીનદત્તસૂરિ** જેઓ અહીં બીરાજે છે તેમની પાસે તમે દીક્ષા ગ્રહણ કરો. પહેલાં તો હરિભદ્રે ના પાડી કે હું તો તમારોજ શિષ્ય થઈશ પરંતુ સાધવીએ સમજાવ્યું કે અમારો એ ધર્મ નથી. પછી તેમણે જીનદત્તસૂરિ પાસે દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી ગુરૂની સાથે વીચરતા અનુક્રમે જૈન દર્શન સંબંધે બહુ સારૂં જ્ઞાન પ્રાપ્ત કર્યું. તેમના. ગુરૂએ પણ તેમનામાં યોગ્યતા જોઇ આચાર્યની મહાન્ પદવી આપી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**તેમની જૈનેતર ગ્રંથકારો પ્રત્યે-ની ઉદારતા.**

તેઓશ્રી પ્રખર વિદ્વાન હતા છતાં બહુ સરલ અને વિનયી હતા. તેઓશ્રી હરકોઈ દર્શનમાંથી યોગ્ય અને યુકિત વાળા વચનોને પ્રામાણિક માનતા. તેઓએ સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં ઘણા ગ્રંથો લખ્યા છે–બનાવ્યા છે. તે ગ્રંથોમાં તેઓએ **સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક અદ્વૈત, ચાર્વાક, બૌદ્ધ, જૈન આદિ દરેક દર્શનો**—મતોની અનેક રીતે પર્યાલોચના–સમાલોચના કરી છે. આવી રીતે ભિન્ન ભિન્ન મતોવાળા દરેક દર્શનોની સમાલોચના–વિવેચના કરતી વખતે દરેક દર્શનોના પુજ્ય પુરૂષો પ્રત્યે '**ભગવાન**' '**મહાત્મા**' '**મહર્ષિ**' આદિ શબ્દોથી સન્માન કરવાવાળા અને સમભાવ પૂર્વક મૃદુ અને સુમધુર શબ્દો દ્વારા વિચાર મિમાંસા કરવાવાળા જો કોઈ પણ વિદ્વાન **ભારતીય સાહીત્ય ઇતિહાસમાં ઉલ્લેખ કરવાને યોગ્ય હોય તો તેમાં હરિભદ્રસૂરિનું નામ પહેલું લખવા યોગ્ય છે.** હરિભદ્રસૂરિનો પ્રાદુરભાવ જૈન ઇતિહાસમાં બહુ મહત્વનું સ્થાન ભોગવે છે. આપણે આગળ જોઈ ગયા છીએ કે એક મહાન્ પ્રતાપશાલીની **યાકિની મહત્તરા** નામની પવિત્ર સાધ્વીના સત્સંગથી તેઓને જૈન દર્શન ઉપર શ્રદ્ધા ચોંટી અને શ્રમણવ્રત–દીક્ષાનો સ્વીકાર કર્યો. તેઓએ શ્રમણવૃત ગ્રહણ કર્યા પછી જન સમાજને નીરંતર સદ્બોધ આપતા તે ઉપરાંત પોતાનું સમગ્ર જીવન સતત સાહિત્ય સેવામાંજ વ્યતિત કર્યું. તેઓએ ધાર્મીક, દાર્શનિક, આધ્યાત્મિક અને નૈતિક વિષયના ઉત્તમોત્તમ ગ્રંથો રચીને જૈન **સાહીત્ય ઉપર અને તે દ્વારા સારા ભારતીય સાહિત્ય ઉપર પણ મહદ્ ઉપકાર કર્યો છે.**

**તેમની અપૂર્વ સાહિત્ય સેવા.**

જૈનોના પરમ પવિત્ર માનનીય **આગમો સૂત્રો ઉપર સરલ** સંસ્કૃત ભાષામાં ટીકાઓ કરવાનું પ્રથમ માન તેઓને ઘટે છે તેમના પહેલા કોઈપણ પ્રખ્યાત ટીકાકાર થયા હોય તેમ મારા જાણવામાં નથી આવ્યું. તેઓએ દીક્ષા લીધા પછીની પોતાની જીંદગીમાં ૧૪૪૪ ( ૧૪૪૦ ) ગ્રંથો નવા બનાવ્યા છે [૧] આવી

૧ તેઓએ બનાવેલા બધા ગ્રંથ રત્નો અત્યારે લભ્ય નથી, માત્ર થોડાક ગ્રંથો મળે છે તે પણ જૈન સમાજનું કંઇક સદ્ભાગ્ય સુચવી રહ્યા છે. કારણ કે જેટલા ગ્રંથો મળે છે તે બધા ગ્રંથો જૈન સમાજમાં બહુ પ્રચલિત છે અને માનનીય છે, તો હું જેટલા ગ્રંથો લભ્ય છે તેની યાદી વાંચકોની જાણની ખાતર આપું તો તે અસ્થાને નહિં કહેવાય.

૧ અનેકાંતવાદ પ્રવેશ.
૨ અનેકાંતજય પતાકા સ્વોપજ્ઞવૃત્તિ સહિત.
૩ અનુયોગદ્વારસૂત્રવૃત્તિ.
૪ અષ્ટક પ્રકરણ.
૫ આવસ્યકસૂત્ર બૃહદ્વૃત્તિ.
૬ ઉપદેશપદ પ્રકરણ.
૭ દશવૈકાલિકસૂત્રવૃત્તિ.
૮ દિગ્નાગકૃત ન્યાય પ્રવેશસૂત્રવૃત્તિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટી ગ્રંથ સંખ્યા સાંભળી કેટલાકોને આશ્ચર્ય થશે પરંતુ તેમાં કાંઇ આશ્ચર્ય પામવા જેવું નથી, કારણકે સાધુ જીવન સંસારની ઉપાધીઓથી નિરાળું છે. આપણે તેને **નિવૃત્તિમય સુખસાગર કહિએ તો તેમાં કાંઇ અતિશયોક્તિ નથી, અને તેમાં** સંસારની મૂળ ઉપાધી કંચન અને કામીનીના ત્યાગી જૈન સાધુઓનું જીવન ઘણુંજ નીર્મળ અને નિવૃતીમય હોય છે. ( જો કે તેમને કેટલીક આવશ્યક ક્રિયાઓ કરવાની હોય છે ) એટલે બીજા કાર્યો માટે ( અધ્યયન અધ્યાપન આદિ ) પુરતો સમય ખુશીથી મેળવી શકે છે, અને તેમાં હરિભદ્રસૂરિ જેવા પરમ મહર્ષિ પોતાના અણમોલા સમયને ન જવાદે–પોતાની જીંદગીનો ખરેખરો કસ કાઢવાં ન ચુકે એ બનવા જોગ છે; એટલે તેમણે ૧૪૪૪ ગ્રંથો કેવી રીતે અને કેવા સંયોગોમાં બનાવ્યા હતા, તેને માટે જૈન સમાજમાં એક અતિ પ્રસિદ્ધ દંતકથા ચાલે છે તે નીચે પ્રમાણે છે.

**૧૪૪૪ ગ્રંથો બનાવાનું કારણ.**

તેઓને **હંસ** અને **પરમહંસ** નામના બે પ્રખર ધુરંધર વિદ્વાન શિષ્યો હતા. તેઓએ જૈન દર્શનનો અભ્યાસ સંપૂર્ણ કર્યા પછી બૌદ્ધદર્શનનો અભ્યાસ કરવા વિચાર કર્યો. ગુરૂ ( શ્રીહરિભદ્રસૂરિ ) એ ના પાડી છતાં પણ પોતે બૌદ્ધાચાર્ય પાસે ઠેઠ દક્ષિણમાં (સીલોનમાં ) ગુપ્તવેષે અભ્યાસ કરવા ગયા. અમુક સમય સુધીતો એમને એમ ચાલ્યું; પરંતુ એકવખત એક ચાલાક બૌદ્ધાચાર્યને તેમના ઉપર શક ગયો અને તપાસ કરતાં શક મજબુત થયો. પછી તેમની અમુક પરિક્ષા કરી ( તે સંબંધે એમ કહેવાય છે કે બૌદ્ધોએ તેમના જવા આવવાના મુખ્ય રસ્તામાં એક જૈન પ્રતિમા કાંઇકથી લાવી મૂકી. જ્યારે હંસ અને પરમહંસ તે જવાના મુખ્ય રસ્તે આવ્યા અને જૈન પ્રતીમા જોઇ એટલે તેઓને કાંઇક વહેમ પડ્યો તેથી તેઓ તે પ્રતિમાના શરીર ઉપર અમુક ચિન્હોથી ફેરફાર કરી તેને ઉલંઘીને ચાલ્યા ગયા. બૌદ્ધાચાર્યને આ વાતની ખબર પડી એટલે તરતજ જણાયું કે તેઓ જૈન છે) અને એ પરિક્ષામાં તેઓ જૈનો છે એમ ચોકસ કર્યું ત્યારપછી

૯ ધર્મબિંદુ પ્રકરણ.
૧૦ ધર્મ સંગ્રહણિ.
૧૧ નન્દિસૂત્ર લઘુવૃત્તિ.
૧૨ પંચાશક પ્રકરણ.
૧૩ પંચ વસ્તુ પ્રકરણ ટીકા.
૧૪ પંચસૂત્ર પ્રકરણ ટીકા.
૧૫ પ્રજ્ઞાપનાસૂત્રપ્રદેશ વ્યાખ્યા.
૧૬ યોગદષ્ટિ સમુચ્ચય.
૧૭ યોગબિન્દુ.
૧૮ લલિતવિસ્તરા.
૧૯ લોકતત્વ નિર્ણય.
૨૦ વિશંતિકા પ્રકરણ.
૨૧ ષડ્દર્શન સમ્મુચ્ચય.
૨૨ શાસ્ત્ર વાર્તા સમુચ્ચય.
૨૩ શ્રાવક પ્રજ્ઞપ્તિ.
૨૪ સમરાઇચ્ચકહા.
૨૫ સંબોધ પ્રકરણ.
૨૬ સંબોધસપ્તતિકા પ્રકરણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બૌદ્ધાચાર્યોએ કપટથી તેમને મારી નાખવા તૈયારી કરી. આ બાજુ વિદ્વાન અને ચાલાક **હંસ અને પરમહંસ**ને પણ પોતાનું પોગળ ફૂટી ગયું છે અને હવે તેમને મારી નાખવાની તૈયારી થઇ રહી છે તેની ખબર પડી. (તે વખતે બૌદ્ધ અને જૈનો વચ્ચે બહુ જબર વૈર ચાલતું હશે, એમ આ ક્રુર બનાવથી સહેજે જણાઇ આવે છે) એટલે બન્ને ભાઇઓ ત્યાંથી છાનામાના નાઠા. બૌદ્ધો પણ તેમને પકડી મારી નાખવા માટે તેમની પાછળ પડયા. બે ભાઇમાંથી એકને તો બૌદ્ધોએ રસ્તામાં પકડી ક્રૂરતાથી માર્યો અને બીજા ભાઇને હરિભદ્રસૂરિ જે ગામમાં હતા ત્યાં જ ગામ બહાર મારી નાખ્યો. હરિભદ્રસૂરીને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેમનું શાંત હૃદય પણ અશાંત બન્યું. તેમના હૃદયમાં ક્રોધની જ્વાળા પ્રગટી, તેમના જેવા શાંત પુરૂષને પણ ક્રોધનો આવિર્ભાવ થયો અને અમુક મંત્રશક્તિ દ્વારા તે બધાને મારી નાખવા સંકલ્પ કર્યો. આ ભયંકર સમાચાર તેમના ગુરૂશ્રી જીનદત્તસૂરીને વિદિત થયા. તેઓને પણ કાંઇક આશ્ચર્ય તો થયું કે–"શું આ શિતળ જળ પણ આજે બળવા તૈયાર થયું છે?" પરંતુ પોતે સમજ્યા કે ક્રોધની સ્થિતિ બહુ વિચિત્ર છે. તેઓએ તેમને ઉપદેશ આપવા અને ક્રોધથી પાછા વાળવા બહુજ ઉપયોગી સમરાદિત્યની મૂળગાથાઓ તેમને કહી–(કોઇકને પાસે મોકલી) કે ક્રોધને લીધે મીંચાઇ ગયેલા તેમના વિચાર ચક્ષુ ખુલા થાય. (લંબાણુના ભયથી હું તેની મૂળ ગાથાઓ આપવા અશક્ત છું માટે ક્ષમા) થયું પણ તેમજ. તે ઉપદેશક ગાથાઓના પ્રભાવથી તેમનો ક્રોધ ઉપશમી ગયો. મોટા પુરૂષને વિશેષ કહેવાની જરૂર નથી રહેતી. તેમણે પોતાનો ક્રોધ ઉપશમ થયા પછી એ ગાથા પ્રતિબદ્ધ **સમરાદિત્ય ચરિત્રની સવિસ્તર યોજના કરી. (તે ગ્રં. ૧ અત્યારે વિદ્યમાન છે, અને જૈન સમાજમાં બહુ હર્ષથી વંચાય છે.**

**તે ગ્રંથ કર્તા મહાન પુરૂષની મહત્તા જાળવી રહ્યો છે. આ ગ્રંથનો ગુજરાતી ભાષામાં રાસ પણ થયો છે અને તે પણ બહુ મધુર અને મનોહર છે. જૈન સમાજમાં આના જેવી અત્યુત્કૃષ્ટ કથાઓ બહુ અલ્પ છે. તેમાંએ આ સમરાદિત્યચરિત્ર બહુ ઉંચુ સ્થાન ભોગવે છે.** પોતે કરેલા ભયંકર સંકલ્પના પ્રાયશ્ચિતમાં તેઓએ ૧૪૪૪ ગ્રંથો બનાવ્યા છે. ૧

૧. આને માટે બીજી પણ એક દંત કથા કહેવાય છે કે–જ્યારે તેમને ભયંકર ક્રોધ ચડ્યો અને બૌદ્ધોને મારી નાખવા તત્પર થયા, તે વખતે તેજ ગામમાં રહેલા મહાન્ વિદુષી એક સાધ્વીજી ત્યાં આવ્યાં અને હરિભદ્રસૂરિને કહ્યું કે–પ્રભુ, મને મારા પાપનું પ્રાયશ્ચિત આપો, ત્યારે હરિભદ્રસૂરિએ કહ્યું કે શાનું પ્રાયશ્ચિત જોઇએ છે ત્યારે વિદુષી સાધ્વીએ સમય સૂચકતા વાપરી તેમના પ્રતિબોધને માટે કહ્યું કે–પ્રભુ, આજે પગનીચે એક દેડકી કચરાઇ ગઇ છે, આ સાંભળી આચાર્ય મહારાજે યોગ્ય પ્રાયશ્ચિત આપ્યું; પછી એ મહાન્ વિદુષી સાધ્વીએ વિનયથી પણ નિડરતા પૂર્વક ભારે હિંમત લાવી કહ્યું કે–આચાર્ય મહારાજ મારા પગ નીચે એક દેડકી અજાણ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓના ગ્રંથો જોતાં આપણને માલુમ પડે છે કે તેઓ પ્રકૃતિથી બહુ સરલ અને આકૃતીથી બહુ સૌમ્ય તથા ઉદાર વૃતિવાળા હશે. અને પાંડીત્યમાં બહુ વિચક્ષણ હશે. તેઓનો સમભાવ નિર્મળ અરિસા સમાન તેમના દરેક ગ્રંથોમાં સ્થળે સ્થળે પ્રકાશી રહેલ છે. તેઓ બહુ ગુણાનુરાગી પણ હતા. તેમને જૈનધર્મ ઉપર અનન્ય શ્રદ્ધા હતી. છતાં તેમનું હૃદય બહુ નિષ્પક્ષપાતિ હતું.

તેઓએ સત્યનું સમર્થન–આદરભાવ કરવામાં કદી પાછી પાની નથી કરી.

**તેમની તટસ્થતા.**

તેઓએ ધાર્મિક કે તાત્વિક ગ્રંથોની સમાલોચના–મીમાંસા કરતી વખતે પોતાની તટસ્થતા અને ગુણાનુરાગિતા ઉપર કદિ પણ ઉપેક્ષાભાવ નથી કર્યો. તેઓએ સંપ્રદાય ભેદથી કોઈપણ આચાર્ય ઉપર કટાક્ષ સરખો પણ નથી કર્યો, તો પછી કઠોર વચન કે અપમાનની તો આશાજ ક્યાંથી રખાય! જૈનોને નાસ્તિક અને નિરીશ્વરવાદી કહેનારાઓ પ્રત્યે પણ માનભર્યા શબ્દોથી નામોલ્લેખ તેઓશ્રીએ કર્યો છે, જે વાત આપણને બીજા ગ્રંથકારોની શૈલીમાં ભાગ્યેજ જોવામાં આવે છે. આમાં કહેવાનું તાત્પર્ય એટલુંજ છે કે તેઓ બહુ ઉદાર ચરિત સાધુ પુરૂષ હતા, સત્યના પરમ ઉપાસક હતા અને આર્યાવર્તના દરેક ધર્મોના આચાર્ય સમુહોના પુણ્યશ્લોક ઇતિહાસમાં તેઓ ઉચ્ચ પંક્તિમાં બીરાજવાને યોગ્ય મહા પુરૂષ હતા. હવે હું તેમની તટસ્થતા સંબંધે એક શ્લોક ટાંકી વિરમીશ.

**बन्धुर्न नः स भगवान्रिपवोऽपिनान्ये, साक्षान्नदृष्टचर एकतरो (तमो)ऽपि चैषाम्**
**श्रुत्वावचः सुचरितं चपृथग् विशेषं, वीरं गुणातिशयलोलतयाश्रिताः स्मः ॥**

**ભાવાર્થ**—તે જીનેશ્વર ભગવાન કાંઇ મારા ભાઇ નથી, તેમ બીજા દેવો મારા શત્રુ પણ નથી કારણકે મેં ખુદ જીનેશ્વર ભગવાનને કે બીજા કોઇ દેવોને સાક્ષાત નજરે તો જોયાજ નથી, માત્ર વીર પ્રભુના સુંદર વચનો અને નિર્દોષ ચારત્ર સાંભળીને અતિશય ગુણોવાળા તે વીરપ્રભુને–શ્રીમહાવીર દેવને મેં સેવ્યા છે. તેમનો મેં આશ્રય કર્યો છે.

**पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु ।**
**युक्तिमद्वचनंयस्य, तस्य कार्य परिग्रहः** (ષટ્દર્શન સમુચ્ચયટીકામાંથી ઉધૃત)

**ભાવાર્થ**—મને કાંઇ મહાવીર દેવ પ્રત્યે પક્ષપાત નથી તેમ કપિલાદિ મહ-

---

તાથી કચરાઇ ગઇ તેનું મને આપ આટલું પ્રાયશ્ચિત આપો છો, તો આપ જ જાણી જોઇને આ કામ કરવા તત્પર થયાછો તેનું આપને કેટલું પ્રાયશ્ચિત લાગશે. બસ થઇ ચુકયુ. આ કહેતાની સાથે જ તે પાપકાર્યથી નિવૃત્ત થયા અને તેના પ્રાયશ્ચિત માટે ૧૪૪૪ ગ્રંથ બનાવ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લિંગીઓ પ્રત્યે દ્વેષ ઇર્ષ્યા પણ નથી, ( કે મેં તેમનું વચન ન માન્યું હોય ) ફક્ત જેમનું વચન યુક્તિવાળું હોય છે તેજ ગ્રહણ કરવા યોગ્ય છે. માનનીય છે. ॥૧॥

કેવી સરસ તટસ્થતા ને સુંદર બન્ધુભાવ ! ધન્ય છે તે તટસ્થ મહાત્માને !

**તેમની કૃતજ્ઞતા.** હું એક બાબતનો ઉલ્લેખ કરવો તો ભુલીજ ગયો. તેઓ પોતાના ઉપકારી પ્રત્યે બહુમાનની દૃષ્ટિથી જોતા અને તેને માટે તેમણે પોતાના દરેક ગ્રંથોને અંતે પોતાના પરમ ઉપકારી પોતાના ધર્મોપદેશક—**ધર્મગુરૂ શ્રીયાકિની મહત્તરાને** સ્થળે સ્થળે માન પૂર્વક સંભાર્યાં છે અને પોતાને પણ " યાકિની **મહત્તરાસૂનુ** " તરિકે ઓળખાવી **યાકિનીમહત્તરાનું નામ અમર** રાખી ગયા છે. તેવીજ રીતે પ્રાયઃ તેમના દરેક ગ્રંથોને છેડે " વિરહ " પણ આવે છે. આને માટે મને એમજ લાગે છે કે આ એક સાંકેતિક રીતે પોતાનું નામ સુચવે છે. આ સંબંધે **હરિભદ્રસૂરિ ના પંચાશક ઉપર વૃત્તિ કરતાં નવાં ગીટીકાકાર શ્રીમદ્ અભયદેવસૂરિ** ખુલાસો લખે છે કે—

**इह च विरह इति सिताम्बर श्री हरिभद्राचार्यस्य कृतेरङ्क इति ॥**

**ભાવાર્થ**—આ પંચાશકમાં જે **વિરહ** શબ્દ છે તે સિતાંબર ( શ્વેતાંબર ) **શ્રી હરિભદ્રસૂરિની કૃતિનું ચિન્હ છે. આવીજ** રીતનો ખુલાસો મુનિચંદ્રસૂરિ પણ તેમના ગ્રથોની ટીકા કરતાં એવોજ ખુલાસો આપે છે.

હવે આપણે તેમના વિરહાંગ શબ્દોવાળા વાકયોને ટુંકાણમાં તપાસીએ તો અસ્થાને નહિં કહેવાય યથા ધર્મબિન્દુમાં—

**सतत्र दुःख विरहा—दत्यंत सुख संगतः ।**
**तिष्टत्ययोगो योगीन्द्रो, वंद्यस्त्रि जगतीश्वरः ॥**

ત્રણ જગતને વિષે વંદ્ય ઇશ્વર અયોગી યોગીન્દ્ર દુઃખના વિરહથી (દુઃખના આત્યંતિક અભાવ—નાશથી) અત્યંત સુખ પામીને ત્યાં બીરાજે છે.

**भव विरहवरं देहिमे देवि सारम्** ( સંસારદાવા સ્તુતિ )

શાસ્ત્રવાર્તાસમુચ્ચયમાં—

**कृत्वा प्रकरण मेतत् यद वाप्तं किंचिदि मया कुशलम् ।**
**भवविरह बीजमनद्यं लभतां भव्याजन स्तेन् ॥ १० ॥**

( લંબાણના ભયથી અર્થ નથી આપ્યો, તેમ તેનું પ્રયોજન પણ નથી. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી રીતે વિરહ શબ્દ ઘણાં ગ્રંથોને અન્તે પોતે મુકે છે. જૈન સમાજના

**તેમનું સ્વર્ગગમન.** પ્રખર ધુરંધર વિદ્વાન આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ વીર સંવત ૧૦૫૫ માં અને વિક્રમ સંવત્ ૫૮૫ માં સ્વર્ગે સિધાવ્યા.

ॐ शान्ति મુનિ ન્યાયવિજય

# શ્રી શાંતિનાથજીની સ્તુતિ.

( જમના તણે કિનારે ગોપાળ ગૌ ચરાવે એ–તરજ )

( રાગ–ભીમપલાશી ની કવ્વાલી. )

વિખ્યાત વિશ્વ વ્હાલા, શાંતિ પ્રધાન તૂં હૈ; ॥ અંચલી ॥
આયે અચિરોદરમેં, હુઇ શાંતિ દુનિયા ભરમેં;
ઋણી જગત તુમ્હારા, તારક દેવ તૂં હૈ ॥ વિખ્યાત૦ ॥ ૧ ॥
યશોમતિ દુલ્હારા, વિશ્વસેન નૈન તારા;
ઉદ્ધાર કર હમારા, ઉદ્ધારકોમેં તૂં હૈ ॥ વિખ્યાત૦ ॥ ૨ ॥
ખરા કલ્પ કામધેનુ, ચિન્તામણિ ચુનીંદા;
આયા હૈ હાથ હમેરા, ચુરક દુઃખોકા તૂં હૈ ॥ વિખ્યાત૦ ॥ ૩ ॥
ફૈલી અશાંતિ અબ હૈ, અસહિષ્ણુતાકી કબ હૈ;
ઉસકા કરો સુધારા, સુધારકો મેં તૂં હૈ ॥ વિખ્યાત૦ ॥ ૪ ॥
સંકીર્ણતા મિટાકર, વિસ્તીર્ણતા બઢાકર;
કર ચિત્ત વિશાલ હમારા, વિશાલ ચિત્ત તૂં હૈ ॥ વિખ્યાત૦ ॥ ૫ ॥
જલાલ પુર રાજે, વિશાલ ચૈત્ય છાજે;
ઉસમેં પ્રભુ બિરાજે, વિરાજમાન તૂં હૈ ॥ વિખ્યાત૦ ॥ ૬ ॥
આત્મ કમલમેં સોહે, લક્ષ્મી અખુટ જો હૈ;
દિયો ઉસકી લબ્ધિ પ્યારા, લબ્ધિ વિધાન તૂં હૈ ॥ વિખ્યાત૦ ॥ ૭ ॥

૧ હરિભદ્રસૂરિનો યથાસ્થિત સમય હજી ચોક્કસ થયો નથી. સંવતના માટે ઘણા જુદા જુદા આચાર્યોની નોંધ જુદી જુદી મળી આવે છે. હરિભદ્રસૂરિના સમય નિર્ણયને માટે ગુજરાત વિદ્યાપીઠના આચાર્ય શ્રી જીનવિજયજીએ "હરિભદ્રસૂરિકા સમય નિર્ણય" નામનો બહુ વિચારણીય લેખ જૈન સાહિત્ય સંશોધકના પ્રથમાંકમાં બહુ સારી રીતે લખ્યો છે. અને તેઓ લગભગ આઠમો સૈકો નિર્ણય કરે છે. જૈન પરંપરા પ્રમાણે તેમનો સમય વિક્રમ સંવત–૫૮૫ ઇ. સ. ૫૨૯ અને વીર સંવત ૧૦૫૫ માં તેમનું મૃત્યુ થયું એમ જણાવે છે. મને હજી શ્રી જીનવિજયજીના કથનમાં કાંઇક સંદેહ છે. માટે અત્યારે તો હું પણ પરંપરા અનુસાર વીર સંવત ૧૦૫૫ સ્વીકારૂં છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગાર્હસ્થ્ય-જીવન.

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

ગતાંક પૃષ્ટ ૧૬૫ થી શરૂ.

ઉપર જેટલી વાતો કહેવામાં આવી તથા જેટલા ઉદાહરણ આપવામાં આવ્યા છે તે સર્વ ઉપરથી એટલું તો પ્રમાણિત થાય છે કે કોઇ પણ મનુષ્યના ભવિષ્ય અને ચારિત્રના સંગઠનમાં સૌથી વધારે સહાયતા માતાની જ મળે છે. જે માતાનું આટલું મોટું કાર્ય છે તેની જવાબદારી ધ્યાનમાં રાખીને તેનું શિક્ષણ તથા ગુણો વિગેરે ઉપર પણ જરા વિચાર કરવાનું આવશ્યક જણાય છે. આજકાલ સંસારના ક્રમ ઉપરથી માતાનો આદર્શ શોધી કાઢવાનું કાર્ય ઘણું જ મુશ્કેલ જણાય છે એક તરફ આપણા દેશની સ્ત્રીઓને પણ બાળકોની રક્ષા અને આરોગ્યતાને અર્થે મંત્ર, જંત્ર, માદળીયા કરાવવામાંથી ફુરસદ મળતી નથી. જો બાલકને ભણાવવા માટે ગુરૂ જરાપણ તાડન કરે તો માતા કહે છે કે–આવું ભણવું ઘેર ગયું ? મારો પુત્ર જીવતો રહે એટલુંજ બસ છે. ન ભણે તો કાંઈ નહીં ભીખ માગીને ખાશે. ” માતાના વચનો સાંભળીને બાળકનો મીજાજ પણ ઠેકાણે રહેતો નથી તે પણ માતાની સાથે પોતાના શિક્ષકને તરેહ તરેહના વચનો સંભળાવે છે. ભણવા ગણવાનું તો એક બાજુ રહ્યુ. ઉલ્ટું શિક્ષકો અને મોટેરાં પ્રતિ તેનામાં નિરાદર ભાવ ઉત્પન્ન થાય છે. બીજી તરફ પાશ્ચાત્ય દેશોમાં સ્ત્રીયો હંમેશાં સ્વતંત્ર–ઉદ્દંડ રહેવા ચાહે છે. આપણું જીવન તો ગાર્હસ્થ્ય જીવન છે, પરંતુ યુરોપીયન જીવન ગાર્હસ્થ્ય જીવન કહી શકાશે નહિં. સંપત્તિવાન યુરોપીયનોનો મોટો ભાગ જીવનનો ઘણો ખરો ભાગ હોટલોમાં જ ગાળે છે. સંમ્મિલિત પરિવારની પ્રથાના અભાવને લઈને તેઓને ગાર્હસ્થ્ય જીવનનું જરા પણ સુખ નથી મળતું. પરંતુ આપણે ત્યાં તો એ બંધન ઘણું જ મજબૂત છે.

જો વાસ્તવિક દૃષ્ટિએ જોઇએ તો પરિવારમાં સ્ત્રીઓનું કર્ત્તવ્ય ઘણુંજ કઠિન છે અને તેઓની જવાબદારી પણ ઘણી છે. તે કર્ત્તવ્ય અને જવાબદારીના સંબંધમાં કંઇક કહેવું આવશ્યક લાગે છે. શ્વશુરગૃહે આવ્યા પછી સ્ત્રીને પોતાના પતિ વિગેરે સાસરીયાની પ્રીતિ સંપાદન કરવી પડે છે અને જો તે એમ ન કરી શકે તો ઘરની અંદર કલેશ ઉત્પન્ન થાય છે. શ્વશુર ગૃહમાં તે સ્ત્રી જ પ્રીતિભાજન થઇ શકે છે કે જેનામાં યથેષ્ટ લજ્જા અને વિનય હોય છે, જે સરલહૃદયા હોવા છતાં ગંભીર હોય છે, જે પોતાનું કષ્ટ બીજા આગળ પ્રગટ કર્યા વગર ઘરનાં સર્વ કામકાજ પરિશ્રમ પૂર્વક કર્યા કરે છે. જે મોટેરાંની સેવા–શુશ્રૂષા તેમજ નાનાનું પાલન–પોષણ સારી રીતે કરી શકે છે અને તે બધા ઉપરાંત જેનામાં અનન્ય પતિ–ભક્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે. આળસ, સ્વેચ્છાચારિપણું, કલહપ્રિયતા, દ્વેષ, અભિમાન, વાચાલતા વિગેરે એવા દુર્ગુણો છે કે જેને લઈને સ્ત્રીઓ ઘરના તેમજ બહારના સર્વ લોકોની દૃષ્ટિમાં ઉતરી પડે છે એટલુંજ નહિ પણ અનેક પ્રસંગે ઘરની અંદર મહાન ક્લેશ પણ ઉપસ્થિત થાય છે. ગૃહસ્થના સુખની વૃદ્ધિ કરવા માટે એ પણ જરૂરનું છે કે સ્ત્રી ઘણી જ મધુર ભાષિણી અને સુઘડ હોવી જોઇએ, ઘરનાં સર્વ કામકાજ પરિશ્રમ અને કરકસર પૂર્વક કરનારી હોવી જોઇએ.

સ્ત્રીઓમાં બીજા ગુણો કરતાં વધારે આવશ્યક ગુણ પતિભક્તિ છે. જે વખતે સત્યભામાયે દ્રૌપદીને પૂછયું કે–" બ્હેન, તમે ઘરમાં સૌના પ્રીતિપાત્ર કેવી રીતે બની રહ્યા છો ? શું તમે કોઈ જાદુ મંત્ર માનો છો ? " તે વખતે દ્રૌપદીયે કહ્યું કે–" નહિ બ્હેન, જાદુ મંત્રથી તો સ્વામી વધારે ગુસ્સે થાય છે. ઘરના સર્વ લોકોના પ્રીતિપાત્ર બનવા માટે સ્ત્રીઓયે તેની સેવા તેમજ ભક્તિ કરવી જોઈએ. હું ઘણી જ નિષ્ઠાપૂર્વક પાંડવોની તેમજ ઘરમાં સર્વ લોકોની સેવા–શુશ્રૂષા કરૂં છું, કદિ પણ કોઇને દુર્વચન નથી કહેતી, આંખના ઈસારેજ સર્વ કામ કરૂ છું પાંડવોની અનુપસ્થિતિમાં સર્વ પ્રકારના ભોગવિલાસનો ત્યાગ કરી દઉ છું અને તેઓનું આગમન થતાંજ અત્યંત પ્રસન્નતા તથા પ્રેમપૂર્વક તેઓનું અભિનંદન કરૂ છું. હું હંમેશાં તેઓને દેવ તુલ્ય માનું છું અને હું કદિ પણ એવું કશું કાર્ય નથી કરતી કે જે તેઓને અપ્રિય હોય. જે વાતો યા કાર્યોથી તેઓ પ્રસન્ન થાય છે તેજ વાતો અને કાર્યો કરૂ છું. હું કદિ પણ બહુ બોલતી નથી, બહુ હસતી નથી અને દુષ્ટ સ્ત્રીઓની સાથે રહેતી નથી. " વિગેરે

દાંપત્ય ધર્મ ઘણોજ કઠિન છે. તેનું પુરેપુરૂં પાલન સર્વ લોકો નથી કરી શકતા. ઘણા દેશોમાં તો વિવાહની એવી પ્રથા છે કે ઘણે ભાગે યુવક યુવતીઓની સાથે સ્વચ્છંદી પણે વિહાર કરે છે અને એમાંથી એકાદને પસંદકરી લઈને પત્ની તરીકે સ્વીકારે છે. તેની સાથે ન બને તો બીજી પસંદ કરી લે છે. અને તેનાથી કામ ન સરે તો વળી કોઇ બીજી શોધી લે છે. યુવતીઓની પણ ઘણે ભાગે એજ દશા હોય છે. આને લઈને તેઓનું બાકીનું આખું જીવન દુઃખમય થઇ જાય છે અને ભટકતાં પક્ષીની માફક આખું જીવન વ્યતીત થાય છે. યુવાવસ્થામાં નથી હોતું સાંસારિક બાબતોનું જ્ઞાન કે નથી હોતો પુરેપુરો અનુભવ. તે અવસ્થામાં તો કેવળ આવેશની જ પ્રબલતા રહે છે. જેને લઇને કુલ, શીલ, ઉચ્ચ, નીચ, સારૂં ખરાબ વિગેરેનો ખ્યાલ પણ ચાલ્યો જાય છે અને જે કાર્ય કેવળ આવેશમાં કરવામાં આવે છે તેનું પરિણામ કદિ સારૂં આવતું નથી. જે દેશોમાં આવી કુપ્રથા હોય છે, તેના સ્ત્રી પુરૂષોનું જીવન અત્યંત કષ્ટમય હોય છે. મુખ્ય આ કષ્ટનું કારણ તેઓનો સ્વેચ્છાચાર જ હોય છે. એવા પુરૂષો પત્નીવ્રતવાળા નથી થઇ શકતા, તેમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્ત્રીયો પતિવ્રતા નથી થઇ શકતી. સંભળાય છે કે-યુરોપ, અમેરિકા વિગેરે દેશોમાં પુરૂષોને અનેક પ્રકારે રીઝવવાની વિદ્યા પણ સ્ત્રીયો શીખે છે. ગાવું, નાચવું, જુઠો પ્રેમ બતાવવો, જુદા જુદા હાવભાવ કરવા વિગેરે એ વિદ્યાના અંતર્ગત છે. આમ છતાં ઘણે ભાગે એવો પ્રસંગ આવે છે કે જ્યારે યુવતીઓને પતિ નથી મળતો અથવા મળે છે તો પતિ છોડીને ચાલ્યો જાય છે, એવી સ્થિતિમાં તેને પોતાના જીવન નિર્વાહ માટે ઘણું કષ્ટ વેઠવું પડે છે. પુરૂષોને પણ અનેક જાતની મુશ્કેલીઓ સહન કરવી પડે છે. એવા લોકોના સંસર્ગથી બીજી જાતિઓમાં પણ એ દોષ ફેલાય છે, બીજી જાતિના લોકો એ કુપ્રથાના અંદરના દોષો અને ખરાબ પરિણામોથી પરિચિત નથી હોતા; પરંતુ સ્વતંત્રતા અને સ્વેચ્છાચારી પણાના અભિલાષી હોવાથી તે સ્વીકારવા લાગે છે. પરંતુ જે પાશ્ચાત્ય જાતિઓમાં એ પ્રથાનો આરંભ થયો છે. તેમાં હવે તેના દોષ સમજવા લાગ્યા છે અને તે દૂર કરવાના પ્રયત્ન પણ કરવા લાગ્યા છે, તેથી આશા રહે છે કે એ રોગ હવે બીજી જાતિઓમાં એટલી ભયંકર રીતે ફેલાશે નહિ.

ગાર્હસ્થ્ય જીવનમાં જે જે મુશ્કેલીયો રહેલી છે તે દૂર કરવા માટે સ્ત્રીઓને થોડું ઘણું ભણાવીને ગૃહપ્રબંધનું શિક્ષણ આપવું ઘણુંજ જરૂરનું છે. ઘરનાં સર્વ લોકો જ્યાં સુધી નીતિ પંથ ઉપર ન ચાલે ત્યાં સુધી સંસારની સારામાં સારી પ્રથ માં પણ સુખ નહિ જોવામાં આવે. ઘરના સર્વ લોકોનું એ કર્તવ્ય છે કે સૌએ હળીમળીને રહેવું જોઇએ અને કોઈ પ્રકારનો કલેશ કંકાસ ઉત્પન્ન થવા ન દેવો જોઈએ. જસ્ટીસ રાનડેના કથનાનુસાર ઘરનું સર્વ કામકાજ ચલાવનાર પ્રધાન પુરૂષનું એ મુખ્ય કર્તવ્ય છે કે ઘરના કોઇ પણ માણસને કોઇ રીતે કદિપણ અસંતુષ્ટ થવા ન દેવો; સૌને તેઓના પદ અને મર્યાદાને અનુકુળ દશામાં રાખવા અને ઘરનાં લોકોને કોઈ પણ પ્રકારનો અસંતોષ ઉત્પન્ન થવા ન દેવો અને જો તેમ એમ કરવામાં અસમર્થ નીવડે તો સમજી લેવું જોઇએ કે તે અયોગ્ય અને અકર્મણ્ય છે.

બાળકો ઉપર માતાનો કેટલો અને કેવો પ્રભાવ પડે છે તે આગળ કહેવાઈ ગયું છે. માતા પોતાના સંતાનને જન્મ આપીને તેના ભાવી જીવનના સુખ દુઃખ અને નૈતિક આચરણનું બીજારોપણ કરે છે જાણ્યેઅજાણ્યે પોતાના સંતાનને તે જે માર્ગ દેખાડે છે તે માર્ગેજ એ બરાબર ચાલે છે. કેવળ સંતાન પર માતાનોજ એટલો પ્રભાવ છે એટલુંજ નહિ પણ ઘણે અંશે પુરૂષ માત્ર ઉપર ગમે તે રૂપે અને ગમે તે અવસ્થામાં સ્ત્રીનો પ્રભાવ હમેશાં પડયા કરે છે. બાલ્યાવસ્થામાં જેમ માતા તરીકે સ્ત્રીનો પ્રભાવ પડે છે તેમ યુવાવસ્થામાં આવ્યા પછી વિવાહ થતાંજ પત્નીરૂપે સ્ત્રીનો પ્રભાવ પણ લાગે છે. એ સંબંધ ઘણા દિવસો સુધી રહે છે, એટ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લા માટે અન્ય ધર્મ અથવા સંબંધોની અપેક્ષાએ દાંપત્ય ધર્મ અથવા સંબંધ અધિક મહત્વપૂર્ણ અને કઠિન છે.

પુરૂષો અને સ્રીયોના કર્ત્તવ્યોની મીમાંસા પ્રકૃતિએ પોતેજ કરી આપી છે. સ્રી અને પુરૂષનો ઘનિષ્ટ સંબંધ હોવા છતાં પણ બન્નેનું કર્ત્તવ્યક્ષેત્ર એક બીજાથી તદ્દન ભિન્ન પ્રકારનું છે. પુરૂષોનાં કર્ત્તવ્યોનું પાલન સ્રીઓ કરી શકતી નથી અને સ્રીઓનાં કર્તવ્યનું પાલન પુરૂષોથી થઇ શકતું નથી. ને કદાચ બલપૂર્વક એ બેમાંથી કોઇ બીજાનાં કર્તવ્યોનું થોડું ઘણું પાલન કરવા :લાગે છે તો પરિણામે પરમ દુ:ખ અને ક્લેશની સૃષ્ટિ થવા લાગે છે. પુરૂષોનું શારીરિક સંગઠ્ઠન અત્યંત દૃઢ હોય છે અને તેની માનસિક શકિત ઘણીજ પ્રબળ હોય છે, એટલા માટે ધનોપાર્જન તથા બીજાં પરિશ્રમસાધ્ય કાર્યો પુરૂષજ કરે છે. સ્રીઓ કોમલાંગી હોય છે પરંતુ તેનામાં હાર્દિક બળ વધારે હોય છે, એટલા માટે તેઓ એવાં કાર્યો કરી શકે છે કે જેમાં શારીરિક પરિશ્રમની ઘણી ઓછી જરૂર હોય છે. પરંતુ પ્રેમ, કરૂણા, દયા આદિ હાર્દિક ગુણોની વધારે આવશ્યકતા હોય છે. ઘરનો પ્રબંધ, બાલબચ્ચાંનું પાલન, અતિથિસત્કાર, રોગીયોની સેવા, શુશ્રષા વિગેરે એવાજ કાર્યો છે. આ સાથે પુરૂષોના હાર્દિક ગુણોની વૃદ્ધિ કરવાની આવશ્યકતા પણ છે કેમકે એક કુવડ સ્રી જેટલી ત્યાજ્ય અને નિંધ છે તેટલોજ ત્યાજ્ય અને નિંધ એક ક્રૂર અને નિર્દય પુરૂષ પણ છે. લજ્જા, વિનય, સરલતા, પ્રેમ, ઉદારતા, સહાનુભૂતિ, દયા વિગેરે સુંદર ગુણોને લઇને સ્રી પૂર્ણત્વ પ્રાપ્ત કરે છે અને અધ્યવસાય, પરિશ્રમ, દૃઢ નિશ્ચય, નિર્ભીકતા વિગેરે ગુણોને લઇને પુરૂષ પુર્ણત્વ પ્રાપ્ત કરે છે, અને પુર્ણ સ્રી તથા પુર્ણ પુરૂષના સંયોગથી જેને લગ્ન કહેવામાં આવે છે— દાંપત્ય સંબંધ અને ધર્મની સૃષ્ટિ બને છે.

વિવાહ-પ્રથાને સંસારના સુધારાનું મૂળ કહેવું જોઇએ. સંસારનાં અન્ય પ્રાણીયોની અપેક્ષાએ મનુષ્ય જ્ઞાન અને ભાષણ શકિત વધારે ધરાવે છે, તેથી વિવાહની પ્રથા ઉત્તમ છે. જો મનુષ્ય જાતિમાં વિવાહની પ્રથા ન હોત તો તે પણ અન્ય પશુઓની માફક જંગલી, હિંસક તેમજ અજ્ઞાનીજ રહેત. વિવાહને લઇને જ મનુષ્યમાં સર્વ ગુણોનો આવિર્ભાવ તેમજ વિકાશ થયેલો છે. વિવાહ સંબંધને લઇનેજ મનુષ્યને ગમ્યાગમ્ય, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, વાચ્યાવાચ્ય અને કર્તવ્યાકર્તવ્ય, વિગેરેનો વિવેક થયેલો છે, તેને લઇનેજ સુખની પ્રાપ્તિ અને દુ:ખની નિવૃત્તિ અર્થે તેને અનેક પ્રકારના ઉદ્યોગ અને કાર્ય કરવા પડે છે અને તેને લઇને જ્ઞાનની વૃદ્ધિની સાથે તેણે અનેક પ્રકારના શાસ્ત્રોનો અને કળાઓનો આવિષ્કાર કર્યો છે. તેને લઇને લગભગ સર્વ ધર્મો અને દેશોના વિદ્વાનોએ એ સંબંધને પરમ પવિત્ર અને પરમ કર્તવ્ય સંબંધ માન્યો છે. અને તેને અનિવાર્ય ધાર્મિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપ આપ્યું છે. એક વિવાહ, બહુ વિવાહ, કન્યાદાન, સ્વયંવર, પાતિવૃત, વિગેરે પ્રથાઓ સહુએ પોતપોતાની જ્ઞાતિઓ અને દેશકાળાનુસાર રચી લીધી છે, પરંતુ તે સર્વનો ઉદ્દેશ અને મૂળ સ્વરૂપ એકજ છે.

આવા મહત્વ પુર્ણ અને સ્થાયી સંબંધને અર્થે એક વાત ઘણીજ આવશ્યક છે કે જે વર અને વધુનો આ સંબંધ થાય છે તેના અવસ્થા, સ્થિતિ, રૂપ, સ્વભાવ, પ્રવૃતિ, યોગ્યતા વિગેરે એક બીજાની સાથે મળતા આવવા જોઈએ. અને એ વાતોનો પૂરેપૂરો વિચાર માતા પિતાજ કરી શકે છે;–વરવધુ પોતે નથી કરી શકતા. જો પોતાના પુત્ર અથવા પુત્રીના વિવાહને માતા પિતા પોતાના આહ્લાદ અને મનો વિનોદની સામગ્રી સમજી બેસે અથવા વરવધુ પોતાના વિવાહને કેવળ પાશવિક વૃત્તિઓને ચરિતાર્થ કરવાનું સાધન સમજી લે, તો તે સંબંધ બહુજ દુઃખદાયિક અને હાનિકારક બને છે. પરંતુ જે વિવાહ સંબંધ માતા પિતા સઘળી પરિસ્થિતિનો વિચાર કરીને કરે છે અને જેમાં વરવધુને તેના ઉદ્દેશ, મહત્વ અને ઉત્તર દાયિત્વનું યથેષ્ઠ જ્ઞાન હોય છે તેજ વિવાહ પરમ સુખકર નીવડે છે. વિવાહના મહત્વ અને ઉત્તર દાયિત્વનું જ્ઞાન બનતા સુધી વિવાહ પહેલાં અને વિવાહ પછી તરતજ થઇ જવું જોઇએ અને વિવાહ પણ એ અવસ્થામાં થવા જોઇએ કે જ્યારે વરવધુ વિવાહના મહત્વ તેમજ ઉત્તર દાયિત્વનું જ્ઞાન સારી રીતે પ્રાપ્ત કરી શકે. કેવળ પ્રજોત્પાદ અથવા પાશવિક વૃત્તિઓ ચરિતાર્થ કરવા માટે વિવાહની આવશ્યકતા છે, એટલુંજ નહિ પણ સદાચારના સ્થાપન અને સંસારની સુખ–બુદ્ધિને માટે પણ છે. જો પતિ પત્ની વચ્ચે પુરેપુરો સાચો પ્રેમ હોય તો તેઓ હંમેશાં સદાચારીજ રહેશે એમાં જરા પણ સંદેહ નથી. વિદ્યા, ધન, કીર્તિ વિગેરે તો પુરૂષ પોતેજ પરિશ્રમથી મેળવી શકે છે, પરંતુ ગાર્હસ્થ્ય જીવનને સુખપૂર્ણ બનાવવાનું મોટે ભાગે સ્ત્રીઓના અધિકારમાં છે. જે વખતે પુરૂષ આખો દિવસ પરિશ્રમ કરીને સાંજે ઘરે આવે છે, તે વખતે તેનું સઘળું કષ્ટ ભુલાવવામાં અને તેનું ચિત્ત પ્રફુલ્લિત કરવામાં સ્ત્રીની બેચાર પ્રેમભરી વાતો જેટલી સમર્થ બને છે, તેટલી બીજી કોઇ પણ વસ્તુ સમર્થ નથી બનતી. સ્ત્રી સિવાય બીજો કોઇ ઉત્તમ મિત્ર નથી. આપણાં દુઃખમાં કેવળ યથાર્થ સહાનુભૂતિ જ દર્શાવે છે, એટલું જ નહિ પણ ઘણે ભાગે તો તે દૂર કરીને આપણો બોજો હલકો કરે છે. કઠિન સમયે તે આપણને સંમતિ અને સલાહ આપે છે. અને આપણને કર્તવ્ય દિશા બતાવે છે. વિદ્વાનોનું મંતવ્ય છે કે મનુષ્યનાં સઘળાં સાંસારિક સુખ સ્ત્રીના સારા હોવા ઉપર જ નિર્ભર છે. જો સ્ત્રી સુશીલા હોય છે તો પુરૂષના મોટા મોટા દુઃખો તુચ્છ લાગે છે. અને જો સ્ત્રી દુઃશીલા હોય છે તો ગમે તેવું ઐશ્વર્ય પણ તેને સુખી બનાવી શકતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણાયે લોકો સમજે છે કે સ્ત્રીઓ કેવળ પુરૂષોના સુખને માટે જ છે. અને તેથી પુરૂષ તેનો મનમાન્યો ઉપયોગ કરી શકે છે, એટલા માટે પુરૂષો સ્ત્રીના સુખનો જરા પણ વિચાર રાખતા નથી. પરંતુ એવું માનવું ઘણુંજ ભૂલ ભરેલું છે. સ્ત્રીને અર્ધાંગના કહેવામાં આવે છે. એનો અર્થ એ છે કે આપણે પોતે આપણાં સુખનું જેટલું ધ્યાન રાખીએ છીએ તેટલુંજ તેનાં સુખ વિગેરેનું ધ્યાન રાખવું જોઈએ. એટલા માટે મનુ ભગવાને કહ્યું છે કે જે લોકો પોતાનું કલ્યાણ ઈચ્છતા હોય તેઓએ હમેંશાં સ્ત્રીઓનું માન-સન્માન રાખવું જોઇએ અને તેને કદિ પણ અસંતુષ્ટ થવા દેવી જોઇએ નહીં. જે ઘરની અંદર સ્ત્રીઓને દુઃખ હોય છે, તે શીઘ્ર નષ્ટ થઇ જાય છે. અને જ્યાં સ્ત્રીઓને કોઈ પણ પ્રકારનું દુઃખ નથી હોતું. ત્યાં સર્વ પ્રકારનાં સુખ અને વૈભવ પોતાની મેળે ચાલ્યા આવે છે. જે ઘરમાં સ્ત્રીઓ અપમાનીત અને અસંતુષ્ટ હોય છે અને જે સ્ત્રી ઘરનું અહિત ચાહતા હોય છે, તે ઘર અવશ્ય નષ્ટ થઇ જાય છે. સારી સ્ત્રીઓથીજ ઘરની શોભા છે. એ સિવાય સંતાનોને ઉત્તમ બનાવવા માટે પણ સ્ત્રીઓને સર્વથા સુખી અને સંતુષ્ટ રાખવાની પરમ આવશ્યકતા છે. સ્ત્રીને ગૃહલક્ષ્મી કહેવામાં આવે છે, તેને અસંતુષ્ટ રાખી પીડા પમાડવામાં કોઇનું કદિ પણ કલ્યાણ થઇ શકતું નથી.

( અપૂર્ણ. )

# વર્તમાન સમાચાર.

## અમદાવાદ તથા વડોદરા શહેરમાં ચારિત્ર મહોત્સવો.

જેમનું સદ્ભાગ્ય હોય, જેઓને પૂર્વકૃત પુણ્ય ઉદય થયો હોય અને ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ કે ક્ષય થયો હોય તેવા મહા ભવ્યને જ ચારિત્ર ઉદય આવે છે. તેઓને ખરેખર ધન્ય છે. સામાન્ય કે સાધારણ સ્થિતિ કે પછી કોઇ પ્રકારના દુઃખાદિકથી કંટાળી જતાં મનુષ્ય ધર્મગુરૂઓને ઉપદેશ પામતાં ચારિત્ર લે છે, પરંતુ શ્રીમંતાઇ, વૈભવ અને સુખ હોવા છતાં તેને ઠોકર મારી ત્યાગી થવું એ તો વિશેષ પ્રકારે આશ્ચર્ય સાથે આનંદ પામવા જેવું છે. હાલમાં તેવો દાખલો અમદાવાદ તથા વડોદરા શહેરમાં બનેલ છે. અમદાવાદના વતની શેઠ જેશંગભાઇ લાલભાઇ કે જેઓને શ્રીમંતાઇ, લક્ષ્મી, વૈભવ, સુખ-સંપત્તિ, સારી આવક, માત-પિતા, સ્ત્રી, પુત્રો, સેવકો અને સાનુકુળ કુટુંબ છતાં તે સર્વનો હૃદયપૂર્વક ત્યાગ કરી, તે જ્ઞાનગરિષ્ઠ પુરૂષ આજે માત્ર ૩૭ વર્ષની ભરયુવાનવયે ચારિત્રધારી મહાત્મા બનેલ છે. ગઇ ફાલ્ગુન શુદ ૩ ના રોજ દીક્ષા ગ્રહણ કરેલ છે. બંધુ જેશંગભાઇ સંસારમાં હતા ત્યારે પણ દેવગુરૂધર્મના પ્રેમી અને સેવા ભાવના તેમનામાં ઉત્કૃષ્ટ હતી અને સાથે ચારિત્રના સહાયક હોવાથી જ મુનિપદ પામવા ભાગ્યશાળી થયા છે.

ચારિત્ર લેનાર બંધુનો ઉત્સાહ અવર્ણનીય હતો, તેટલું જ નહિં પરંતુ આવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તમ દાખલાથી અમદાવાદની જૈનપ્રજામાં તે દિવસ ઓર આનંદ ઉત્સાહ હતો. વળી સાથે એક લઘુવયના બંધુ કે "જેની ઉમર માત્ર ચૌદ વર્ષની. જેનું નામ ચીનુભાઇ છે." આટલી નાની ઉમરમાં ચારિત્ર તો ઉદય આવ્યું તેટલું જ નહિ; પરંતુ તેમની માતુશ્રીની પૂર્ણ સમ્મતિ સાથે દીક્ષા લીધી અને માતાને પણ ચારિત્ર ઉદય આવ્યું છે. તેમ સોનું ને સુગંધ મળતાં એક ઉત્તમ દષ્ટાંત તેને ગણી શકાય. તેટલું જ નહિ પણ એક આદર્શમાતા તરીકે હીરા બ્હેનને માતા ગણી શકાય.

સંજમ લેવા માટે કેટલીક વખત વયના વાંધાઓ આગળ રજુ કરવામાં આવે છે. પરંતુ જયાં કોઇપણ વયમાં પ્રાણીને મૃત્યુનું આમંત્રણ આવે છે ત્યાં ધર્મ કે ત્યાગ માટે વય કે ઉમરનો પ્રશ્ન રહેતો જ નથી-નકામો છે. માત્ર ઉપરોક્ત જણાવ્યા પ્રમાણે સમતિ અને ક્ષયોપશમ એ વસ્તુ હોય પછી બીજી જરૂરજ નથી. ભૂતકાળમાં થયેલા અનેક મહાપુરૂષોએ લઘુવયમાં ચારિત્ર લીધાના દષ્ટાંતો શાસ્ત્રમાં મોજુદ છે. વૈરાગ્ય ઉત્પન્ન થતાં લઘુવયમાં લીધેલ ચારિત્ર જ્ઞાનને વિશેષ પ્રકારે પ્રાપ્ત કરાવે છે. આટલી નાની ઉમરમાં ચારિત્ર ઉદય આવવું અને લેવું તે પૂર્વના અપૂર્વ શુભ સંસ્કાર સિવાય બનતું જ નથી જેથી તેવા લઘુવયવાળા મનુષ્યને ચારિત્ર લેવાની ઇચ્છા થાય તો તેમાં વિલંબ કરી અંતરાય ન પાડવો અને સંસારમાં આસક્ત થવાનો જરાપણ વખત ન આપવો પરંતુ સહાયક થવું. મનુષ્ય માત્ર મોક્ષ મેળવવા ઇચ્છા કરે છે, ચારિત્ર વગર મોક્ષ નથી, પરંતુ કદાચ કર્મયોગે ચારિત્ર ઉદય ન આવે તો પણ ચારિત્રના ઇચ્છક મનુષ્યને સહાય કરી અનુમોદન કરવું. ચારિત્ર મોહનીય કર્મનો તે પ્રકારે ક્ષયોપશમ કરવો કે જેથી તેવા સહાયકને પણ અમુક વખતે ચારિત્રનો ઉદય થવા પામે. આવો ઉપદેશ શાસ્ત્રકારોએ ઘણા સ્થળે આપ્યો છે.

શેઠ જેશંગભાઇ તથા લઘુ બંધુ ચિનુભાઇને શુદી ૩ ના રોજ આચાર્યશ્રી દાનવિજયજી મહારાજના હસ્તે દીક્ષા અપાઇ છે. જેશંગભાઇનું નામ મુનિશ્રી જશવિજયજી અને ચિનુભાઇને મુનિશ્રી ચારિત્રવિજયજી નામ આપવામાં આવેલ છે. અને મુનિરાજશ્રી રામવિજયજી મહારાજના શિષ્ય થયા છે. તેજ દિવસે ત્રીજા બંધુ લાલભાઇ ડાહ્યાભાઇએ પણ પૂર્વના શુભ સંસ્કાર યોગે અમદાવાદમાં મુનિરાજશ્રી રંગવિમળજી મહારાજ પાસે ચારિત્ર ગ્રહણ કર્યું છે, જેમનું મુનિશ્રી લલિતવિમળજી નામ આપ્યું છે. આ પ્રસંગે અઠ્ઠાઇ મહોત્સવો વરઘોડા તેમજ બીજી હકીકતનું વર્ણન અન્ય પેપરોમાં આવી ગયેલ છે. અમો તે મહાત્માઓને વંદન કરીયે છીયે. અને તેની અનુમોદના કરીયે છીયે. તેવી જ રીતે બીજા ચારિત્ર મહોત્સવ પણ વડોદરામાં અપૂર્વ રીતે થયો હતો જે હકીકત નીચે રજુ કરી છે.

---

## વડોદરામાં દિક્ષામહોત્સવ.

પૂજ્યપાદ શાંત મૂર્તિ અનેક ગુણ સંપન્ન મુનિ મહારાજ શ્રીહંસવિજયજીનું આ ચોમાસું વીરક્ષેત્ર વડોદરા નગરમાં હતું. ગત ચતુર્માસમાં અત્રે બિરાજી આ પ્રતાપી મુનીરાજે જે જે સારા ધર્મના કાર્યો કરાવ્યા છે તે અત્રે લંબાણના ભયથી લખી શકતા નથી પણ હાલ અમદાવાદ લુણસાવાડાના રહેવાસી ભાઇ ચંદુલાલ કે જે એક વરસથી મહારાજ સાહેબની સાથે રહી દિક્ષાના મનોરથો કરી રહ્યા હતા, તેમની દીક્ષા નિમિત્તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાનીશેરીમાં આવેલા શ્રી આદિશ્વર ભગવાનના દેરાસરમાં અઠ્ઠાઇ મહોત્સવ ચાલતો હતો. તે દરમ્યાન પંજાબ દેશમાં **વિચરતા** પૂજ્યપાદ **આચાર્ય શ્રીમદ્ વિજય વલ્લભસૂરિજી** મહારાજે એ ભાવિક જનોને દિક્ષા લેવા અત્રે મોકલ્યા. આ ત્રણે મહાશયોને અલંકારો પહેરાવી કલાબતુની ત્રણે પાલખીઓમાં બેસારી ફાગણ સુદી ૨ ના દિવસે ચાંદીની અંબાડી સહિત હાથી તેમજ ગાડી ઘોડા આદિ ઠાઠ સહિત રાજવૈદ્ય છોટાલાલ હીરાભાઇ તરફથી વૈદ્ય બાપુભાઇ હીરાભાઇના ઘેરથી દિક્ષાનો વરઘોડો ચઢાવ્યો હતો. આખા શહેરના દર્શકોને આનંદ આપી જાની શેરીમાં ઉતર્યો હતો. ફાગણ સુદી ૩ ના દિવસે પ્રાતઃકાલમાં પૂજ્યપાદ **હંસવિજયજી મહારાજ. પંન્યાસ સંપતવિજય મહારાજ, પંન્યાસ લલિતવિજય મહારાજ** આદિના અધ્યક્ષપણા **નીચે** દીક્ષા આપવામાં આવી હતી.

ભાઇ ચંદુલાલનું નામ **રમણિકવિજયજી** રાખી **પંન્યાસ સંપતવિજયજી મહારાજ** ના શિષ્ય કર્યા છે. લાહોરવાલા લાલા મોતીલાલજીનું નામ **શ્રી શિવવિજયજી** રાખી અને તેઓને **આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીના શિષ્ય બનાવામાં આવ્યા** છે. ત્રીજા ભાવિક રામજીદાસ કે જે એક ગાડ બ્રાહ્મણ હતા અને દોઢ વરસથી સ્થાનકવાસી સંપ્રદાયના સાધુ થયા હતા તે આચાર્યશ્રીજીની આજ્ઞાથી અત્રે આવેલ તેમનું નામ **શ્રીશીલ-વિજયજી** રાખવામાં આવ્યું છે અને તે શ્રીઉપાધ્યાયજી મહારાજ **શ્રીસોહનવિજયજી** ના શિષ્ય **શ્રીસમુદ્રવિજયજી**ના શિષ્ય કરવામાં આવ્યા છે. આ દિક્ષા પ્રસંગે લાહોરવાલા લાલા મોતીલાલજી સાથે આવેલ લાલા પ્રભુદયાલજીએ યથાશકિત બહુસારો લાભ લીધો છે. અમદાવાદ શ્રી હંસવિજયજી ફ્રી લાયબ્રેરી તરફથી છપાતી પાટણ ચૈત્યપરિપાટીમાં યથા-શકિત મદદ કરી યાચકો અને ધાર્મિક ખાતાના નોકરો ચાકરોને યથાયોગ્ય દાન આપી લાલા પ્રભુદયાલજી વડોદરાથી વિદાય થયા અને તેજ દિવસે પૂજ્યમહારાજ **શ્રીહંસવિજ-યજી** આદિ સાધુ થાણા છાણી તરફ પધાર્યા છે. ત્યાં ઉદ્યાપન (ઉજમણું) હોવાથી ફાગણ સુદી ૧૦ સુધી રોકાશે. અમો આ ત્રણે મહાત્માઓને વંદન કરીયે છીયે અને તેઓની પ્રશંસા કરવા સાથે અનુમોદન કરીયે છીએ. ( મળેલું. )

## વીજાપુર–ગુજરાતમાં ગુરૂ પ્રતિષ્ઠા મહોત્સવ.

**આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિ**ના સ્વર્ગવાસને હજુ આઠેક મહિના થયા છે તેટલામાં તેમના અનન્ય ગુણ પ્રભાવના ચિરસ્મરણરૂપે તેઓશ્રીને વીજાપુરમાં શેઠ મગનલાલ કંકુચંદની વાડીમાં જ્યાં અગ્નિસંસ્કાર થયો હતો ત્યાંજ ત્યાંના શ્રીસંઘે એક સુંદર ગુરૂમંદિર બંધાવીને તેમાં ફાગણ શુદ ૩ ના રોજ ઉક્ત સ્વર્ગવાસી આચાર્ય મહારાજની એક સુંદર ધ્યાનારૂઢ મૂર્તિ બનાવી તેની ક્રિયાવિધિ સાથે પ્રતિષ્ઠા કરવામાં આવી હતી, તેજ દિવસે બપોરે શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું સાથે સમવસરણની રચના અને અઠ્ઠાઇમહોત્સવ સાથે બે સ્વામી-વાત્સલ્ય કરવામાં આવ્યા હતા. આગલે દિવસે જળયાત્રાનો વરઘોડો ઘણા જ ઠાઠથી ચડાવ-વામાં આવ્યો હતો. શુમારે વીશહજાર મનુષ્યો જૈન અને જૈનેતર આ મહાત્માના ભકતોએ હાજરી આપી હતી. શાંતિસ્નાત્ર શેઠ લલ્લુભાઇ કરમચંદ તરફથી ભણાવવામાં આવ્યું હતું.

આચાર્યશ્રીનો મહીકાંઠા અને કેટલાક ગુજરાતના વિભાગમાં હૃદયની ઉદારતાને લીધે કોઇ જાતનો જ્ઞાતિ કે ધર્મભેદ રાખ્યા વગર ઉપદેશ માટે ઉપકાર હોવાથી જૈનેતર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ મુંબઇ, પાટણ, મ્હેસાણા, અમદાવાદ, માણુસા, પાદરા, ભાવનગર વગેરે શહેરમાંથી જૈનકોમના અગ્રેસરો અને બીજા જૈન સમુદાયના માણસોની પણ મોટી સંખ્યામાં હાજરી હતી. પ્રતિષ્ઠાની ક્રિયા તેમના વિદ્વાન શિષ્ય આચાર્યશ્રી અજીતસાગરજી મહારાજના હસ્તથી થઇ હતી. ફાગણ શુદ ૩ ના રોજ ગુરૂભક્ત મ્હેસાણા નિવાસી શેઠ ડાહ્યાભાઇ ઘેલાભાઇએ સદ્દગત્ આચાર્ય મહારાજનુ નામ જોડી મુંબઇમાં :( વીલેપારલેમાં ) જૈનસેનેટેરીયમ કરેલું હોવાથી તેમને શેઠ અમૃતલાલ કેવળદાસના પ્રમુખપણા નીચે શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ તરફથી રૂપાના કાસકેટમાં માનપત્ર આપવામાં આવ્યું હતું. અને ભાવનગર શ્રી આનંદ પ્રીન્ટીંગ પ્રેસે ઉપરોકત મંડલના ગ્રંથો છાપવા માટે પુરતી ખંત, લાગણી અને તે ગ્રંથોને સમય પર પહેંચતા કરવા માટે તેમને તથા શ્રી લુહાણા સ્ટીમપ્રેસ—વડોદરાના માલેકને સુવર્ણના ચાંદ આપવામાં આવ્યા હતા. બીજે દિવસે રાત્રિના તે મંડપમાં શેઠ ગુલાબચંદ આણંદજી ભાવનગર નિવાસીના પ્રમુખપણા નીચે એક જાહેર મેળાવડો કરવામાં આવ્યો હતો. જેમાં દોશી મણિલાલ નથુભાઇ, ઝવેરી મૂળચંદ આશારામ, ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ, શેઠ દેવચંદ દામજી, વકીલ મણિલાલ મોહનલાલ પાદરાકર, શેઠ લલ્લુભાઇ કરમચંદ, અંબાલાલ બુલાખીદાસ, ઉપદેશક પુંજાલાલ પ્રેમચંદ, કવીપ્રેમી આત્મારામ માસ્તર, વિપ્ર દલસુખરામ વગેરે સદ્દગત્ આચાર્યશ્રીના ગુણ ગ્રામ વગેરે માટે બોલ્યા હતા. છેવટે પ્રમુખશ્રી બોલ્યા બાદ સર્વેનો ઉપકાર માનતા મેળાવડો વિસર્જન થયો હતો.

## દેવગાણા ગામમાં પ્રતિષ્ઠા તથા ચારિત્ર મહોત્સવ.

પંન્યાસજીશ્રી ભક્તિવિજયજી મહારાજના અધ્યક્ષપણા નીચે ઉપરોક્ત ગામ જે કે ભાવનગરથી છ ગાઉ દૂર આવેલ છે ત્યાં ફાગણ સુદ ૩ ના રોજ ભાવનગરના રહીશ શા હરિચંદ મીઠાભાઇએ ત્યાંના નવિન દેવમંદિરમાં શ્રીવિમલનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરી છે. લગભગ પાંચ હજાર મનુષ્યોની હાજરી હતી. ભાવનગર વડવા મિત્રમંડળે ત્યાં આવેલા જનોની અથાગ પરિશ્રમલઇ સેવા કરી હતી. સાંજના અષ્ટોતરી સ્નાત્ર ભણાવવામાં આવ્યું હતુ. ત્યાર બાદ તેજ દિવસે ભાવનગરના વતની ભાવસાર ઓધડદાસ હરજીવનદાસને તથા સમીવાળા લલ્લુભાઇ સાંકળચંદને ઉક્ત પં૦ મહારાજે દીક્ષા આપી હતી. ઓધડભાઇનું નામ શ્રીઆનંદવિજયજી તથા લલ્લુભાઇનું નામ લલિતવિજયજી આપવામાં આવ્યું હતું. બંનેએ ભાવપૂર્વક ચારિત્ર લીધું હતું. અમો બંને કાર્યોની અનુમોદના કરીયે છીયે. આ ગામ ઘણું નાનું હોવા છતાં બંને મહોત્સવો પૂર્ણ થયાં જે માટે અત્ર નિવાસી શેઠશ્રી ગિરધરભાઇ આણંદજીની ખાસ કાળજી અને ખંતને આભારી છે. આવા નાના ગામડામાં થયેલ મોટા ખર્ચ માટે કેટલાક મનુષ્યો કહે છે તેમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો વિચાર કેમ નહીં થયો હોય તે સમજી શકાતું નથી.

## જેસલમેરમાં પ્રાચીન જૈન આગમ ઉદ્ધાર કમીટી

વિક્રમ સંવત ૧૪૯૭ માં જૈનાચાર્ય શ્રી જિનભદ્રસૂરિજીએ જેસલમેરમાં જૈન આગમોનો અપૂર્વ ભંડાર તાડપત્ર વિગેરેનો સ્થાપિત કરેલો હતો, આવા પ્રાચીન ભંડારની ઉપર દેખરેખ નહીં રહેવાથી પ્રમાદથી કેટલાએક અપૂર્વ ગ્રંથો જર્જરીત થતાં નાશ થયા, હાલમાં સં. ૧૯૬૧ માં આપણી જૈન કોનફરન્સ દ્વારા હીરાલાલ પંડિતને મોકલી ટીપ કરાવવામાં આવી જે કેટલીક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છપાણી, ત્યાર બાદ સં ૧૯૬૨ ગવરમેન્ટ તરફથી કેટલું કામ થયું, પછી સં. ૧૯૭૬ માં ગાયકવાડ સરકારે મી૦ ચીમનલાલ દલાલ ને મોકલી ટીપકરાવી જે ઘણા પ્રયત્ને તૈયાર કરી જે ગાયકવાડ સરકાર તરફથી સીરીઝ તરીકે પ્રકટ થઇ, હાલમાં શ્રીમદ્ કૃપાચંદ્રાચાર્ય મહારાજને તે બાકી રહેલા ગ્રંથોનો ઉદ્ધાર કરવા આવસ્યકતા સમજાણી, જેથી જેજે ગ્રન્થો તે ભંડારમાં જીર્ણ થયા હોય તેને ફરી લખાવવા, અપૂર્ણ રહેલા દેખાય તે પૂર્ણ કરાવવા માટે ત્યાંના શ્રીસંઘને ઉપદેશ કર્યો જેથી ત્યાં આ માટે એક કમીટી નીમવામાં આવી છે. જેથી જૈનોની વસ્તીવાળા કોઇ ગામમાં જૈન, બ્રાહ્મણ કે કોઇ બીજા ગ્રંથ લખવાવાળા હોય તેને ત્યાં જેસલમેર મોકલવાની જરૂર છે તે માટે નીચે લખ્યા સરનામે પત્ર વ્યવહાર કરવો—

જૈન આગમ ઉદ્ધાર કમિટી,
જેસલમેર—મારવાડ રાજપુતાના.

# ગ્રંથાવલોકન,

૧ **સુબોધમણિમાલા**—આ લઘુ બુક તેના યોજક શાહ પુરૂશોતમ નથુભાઇ તરફથી ભેટ મળેલ છે ૧૦૮ સુબોધક વચનોની યોજના કરેલી છે—તે બાળજીવો માટે વાંચવા જેવી છે. કિંમત બે આના.

૨ **શ્રીઅરિહંતને અરજી**—આ લઘુ બુક પણ ઉપરોકત બંધુએ પ્રગટ કરેલી છે શ્રીબાલચંદ્રાચાર્યે હિંદિમાં કરેલ અરજી જે સ્તુતિરૂપ છે આ પદ્યમાં અનુવાદ છે. આ બંને ગ્રંથો મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજના ઉપદેશથી પ્રકટ કરવામાં આવેલ છે—કિં. એક આનો—મળવાનું ઠેકાણું, પ્રગટ કર્તાને ત્યાંથી મંગાવવી. મુ.—થરા—પાલનપુર એજન્સી.

૩ **શ્રી જૈન સ્વયંસેવક મંડલ અમદાવાદનો**—સં. ૧૯૮૦ ના શ્રાવણ વદી ૩ થી સં. ૧૯૮૧ ના આસો વદી ૩૦ સુધીનો રીપોર્ટ અમોને મળ્યો છે આ મંડલ રીપોર્ટમાં જણાવેલા પોતાના ઉદ્દેશ પ્રમાણે કેટલેક અંશે કાર્ય કરી રહેલ છે. વિશેષ તીર્થ સેવાનું કાર્ય તો ત્યાં અને બહારગામ બોલાવે ત્યાં જઇને પણ કરે છે આ રીપોર્ટમાં આવક જાવકનો હિસાબ આપવામાં આવેલ છે. અમે તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે. નામું બરાબર રાખવા ભલામણ કરીયે છીયે.

૪ **શ્રી ગોઘારી વીશાશ્રીમાળી જૈન દવાખાનું મુંબઇ**—નો હસ્ત લીખીત સં. ૧૯૮૧ ના પોશ શુદ ૧ થી આશો વદી ૩૦ સુધીનો ( દશ માસનો રીપોર્ટ અમોને મળ્યો છે. આવા જરૂરીયાતવાળા કાર્યનો રીપોર્ટ છપાવી આ જ્ઞાતિના બંધુઓને ત્યાં અને ગોહીલવાડ પ્રાંતમાં વસતા તે જ્ઞાતિના દરેક બંધુઓને ઘેર ઘેર પહોંચાડવાની જરૂર અમો જોઇએ છીયે. પ્રથમ આ દવાખાનું ચાલતુ હતું પરંતુ પાછળથી કાર્ય વાહકની ખામી અને આર્થિક સહાય વગર બંધ પડેલ ગઇ સાલથી ફરી શરૂ કરવામાં આવેલ છે. તેનું બંધારણ પણ રીતસર કરવામાં આવેલ છે. જેમાં દશ માસમાં શુમારે પાંચ હજારની સંખ્યામાં જૈન દર્દીઓએ લાભ લીધો જણાય છે. ચાર્જ બે આના અને બાળક માટે એક આનો એ સામાન્ય સ્થિતિના મનુષ્યો માટે મુંબઇ જેવા ખર્ચાલ શહેરમાં યોગ્ય અને રાહત આપનાર છે.

આ રીપોર્ટમાં બીજી કોમો સાથે જૈન કોમની મરણ સંખ્યાના આંકડા જણાવેલ જોતાં જૈન કોમમાં મરણની સંખ્યા વધારે આવે છે, તેનું કારણ જગ્યાનો સંકોચ અને હવા પ્રકાશની ખામી. આજીવિકાનું અપૂર્ણ સાધન વગેરે કારણો હોવાથી માંદગીના સબબે આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાતિના મનુષ્યો માટે મુંબઇ જેવા શહેરમાં આરોગ્યતા માટે-સારવારના સાધન માટે સગવડવાળું ઓછા દરથી ચાલતું આ દવાખાનું આ જ્ઞાતિ માટે આશિર્વાદ સમાન થઇ પડે તે સ્વાભાવિક છે. વળી સાથે માંદાની માવજતના સાધનો રાખી તેનો છુટથી ઉપયોગ કરવા દેવામાં આવે છે, જેથી તેની કમીટી અને કાર્યવાહકો ધન્યવાદને પાત્ર છે. આ જ્ઞાતિ સિવાય અન્ય કોમ માટે પણ આ દવાખાનાનો લાભ લેવા માટે કમીટીએ જે ઉદારતા બતાવી છે, તે ખરેખર જૈનત્વ બતાવી આપે છે. આ રીપોર્ટમાં બાબુપનાલાલ પુરનચંદ જૈન દવાખાના માટે અને તેની સ્થિતિ માટે જે જે જણાવ્યું છે તેને માટે અમો અજાણ છીએ, જેથી તે માટે ટીકા કરવા કરતાં તેના જન્મદાતાઓ આવી રીતે જૈન પ્રજાને લાભ આપી આશિર્વાદ મેળવશે એટલુંજ જણાવવું બસ છે. જૈન કોમ માટે મુંબઇમાં એકપણ આરોગ્ય સંસ્થા હસ્તી ધરાવતી નથી; તેવા સંજોગમાં આ દવાખાનું ખાસ જરૂરીયાતવાળુંજ હોય તે સ્વાભાવિક છે. દરેક જૈન બંધુંઓએ તેને આર્થિક સહાય આપવાની જરૂર છે.

## નીચેના ગ્રંથો સાભાર સ્વીકારીયે છીયે.

૧ **વીશ વિહરમાન જિન પૂજા**—પ્રકાશક ઝવેરી ભોગીલાલ ધોળશાજી અમદાવાદ ડોશીવાડાની પોળ કિંમત અમુલ્ય.

૨ **શ્રી જૈન નિત્ય પાઠ સંગ્રહ**—શેઠ જીવનલાલ પ્રતાપસિંહ તરફથી તેમની ધર્મપત્ની અ૦ સૌ૦ સ્વર્ગવાસી બ્હેન જાસુદના સ્મરણાર્થે ભેટ.

૩ **બપ્પભટ્ટસૂરિ**—માંગરોળ નિવાસી શેઠ મકનજી કાનજી તરફથી ભેટ.

૪ **કુરાન પુરાણકી એકતા**—લેખક ઠાકોર શ્રી મોડજીભાઇ માળીયા મચ્છુકાંઠા.

૫ **વડોદરા પાંજરાપોળનો**—વહીવટ કરવા સંબંધી નિયમો તેના સેક્રેટરી વકીલ નંદલાલ લલ્લુભાઇ તરફથી મળેલ છે પાંજરાપોળના વહીવટ કરનાર અને તે પ્રમાણે કામ કરનાર માટે ઉપયોગી છે.

૬ **જૈન સિધ્ધાંત કૌમુદિ** ( અર્ધ માગધી વ્યાકરણ ) શતાવધાનિ પંડિત મુનિશ્રી રત્નચંદ્રજી સ્વામી મુલ્ય રૂા ૧-૮-૦ સમાલોચના હવે પછી.

**લાલચીન**—એક ઐતિહાસિક નવલકથા ચાંદની માસિકના પ્રથમ વર્ષની ભેટ તેના ગ્રાહકોને આપવાનું આ એક સાહસ તેના પ્રકાશક મેસર્સ વર્ધમાન એન્ડ સન્સ મુંબઇનું કહી શકાય. સામાજિક માસિકોમાં ભેટની આવી મોટી બુક આપનાર પણ આજ માસિક છે તેમ કહી શકાય. આ બુકમાં સાતસો વર્ષ પહેલાં બ્રાહ્મણી વંશમાં થયેલા ગ્યાસુદીનના વખતનો ઇતિહાસ અને તેનું ચરિત્ર છે. આ નવલ કથામાં લાલચીન નામના ગુલામનું સ્વામીદ્રોહીપણું અને લુતફૂન્નિસાનું ધર્મમય જીવનનો આબેહુબ ચિતાર આપ્યો છે. આ નવલ કથા રાજનૈતિક દ્રષ્ટિથી લખાયેલ હોવાથી રાજા પ્રજાનો ધર્મ, પ્રજાની સ્વતંત્રતા કેવી હોવી જોઇએ, વગેરે બતાવવામાં આવેલ છે. એકંદર રીતે ઇતિહાસ રસિકોને ખાસ વાંચવા યોગ્ય છે. ચાંદની માસિકના ગ્રાહકો થઇ આવો લાભ દર વર્ષે લેવા જેવું છે. મળવાનું ઠેકાણું પ્રકાશકને ત્યાંથી મુંબઇ નં. ૩ પાયધુની ટ્રામ જંકશન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


" કાવ્ય સાહિત્યનો અપૂર્વ ગ્રંથ. "

## " કાવ્ય સુધાકર. "

( રચયિતા—આચાર્ય શ્રી અજીતસાગરજી મહારાજ. )

કાવ્યકલા અને સાહિત્યનો એક સુંદર નમુનો કે જે સામાયિક રસથી ભરપૂર છે, તેવા હૃદયદ્રાવક ૪૩૫ વિવિધ કાવ્યનો સંગ્રહ છે. આ કાવ્યોમાં કાવ્યઝરણનો નિર્મળ પ્રવાહ અસ્ખલિતપણે વહે છે, જે આ ગ્રંથમાં સંપૂર્ણ કળામાં દીપી નીકળે છે, જેથી વાચકને રસ ઉત્પન્ન કરે છે. આ ગ્રંથમાં ચાર વિભાગ ૧ કાવ્ય કિરણાવલી, ૨ કાવ્ય કૌમુદી, ૩ સાહિત્યસાર અને ૪ શ્રી આનંદઘનજી પદનો કાવ્ય ( કવિતા ) રૂપે અનુવાદ એ ચારનો સમાવેશ કરવામાં આવેલો છે. તમામ કાવ્યો એકંદર સરલ, સુંદર, રસયુક્ત, હૃદયદ્રાવક, અને ભાવવાહી છે. સામાજીક, નૈતિક, ધાર્મિક, વિષયો સાથે પ્રાસંગિક અને કુદરતી વર્ણનોથી બનેલાં આ કાવ્યો હોઇને દરેક મનુષ્યને ઉપયોગી છે. દરેક મનુષ્યે લાભ લેવા જેવું છે. ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી છપાવી સુંદર રેશમી કપડાના પાકા બાઇંડીંગથી અલંકૃત કરેલ સાડાચારસો પાનાનો આ ગ્રંથ છે. કિંમત રૂા. ૨-૮-૦ પોસ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું—" શ્રી જૈન આત્માનંદ સભા "—ભાવનગર.

## જાહેર ખબર.

અમારા તરફથી પ્રકટ થયેલ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્રની પ્રથમ ભાગ કરતાં બીજા ભાગની નકલો વિશેષ રહેલ છે, તેમજ પ્રથમ ભાગ ખરીદનાર બંધુઓના નામ અમારી પાસે નથી, જેથી જેમણે બીજો ભાગ ન લીધો હોય તેમણે અમારી પાસેથી મંગાવી લેવો. તે સિવાય તે ચરિત્ર અપૂર્ણ રહેશે. સેક્રેટરી,

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ( ભાષાંતર ).

### ભાગ ૧ લો તથા ભાગ ૨ જો.

( અનુવાદકઃ—આચાર્ય મહારાજ શ્રી અજીતસાગરજી. )

પ્રભુના કલ્યાણકો અને દેવોએ તે વખતે કરેલ અપૂર્વ ભક્તિનું વિસ્તારપૂર્વક વર્ણન શ્રીસુપાર્શ્વનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી અનેક સ્થળે વિચરી ભવ્યજીવોને આપેલ ઉપદેશ, અનેક કથાઓ, શ્રાવક જનોને પાળવા લાયક વ્રતો અને તેના અતિચારો વિગેરેનું વર્ણન ઘણુંજ વિશાળ રીતે આપેલ છે. આ કથાના ગ્રંથોમાં બુદ્ધિનો મહિમા—સ્વભાવનું વિવેચન, અદ્‌ભૂત તત્ત્વવાદનું વર્ણન, લૌકિક આચાર, વ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પરિસ્થિતિ, ધાર્મિક પ્રભાવ તથા નૈતિક જીવન વગેરે તત્ત્વનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. એકંદર આ ગ્રંથ માનવજીવનનો માર્ગદર્શક, જૈન દર્શનના આચારવિચારનું ભાન કરાવનાર એક પ્રબળ સાધનરૂપ છે.

ઉંચા રેશમી કપડાના પાકા બાઇન્ડીંગના એક હજાર પાનાના આ બે ગ્રંથની કિંમત રૂા. ૪-૮-૦ પોસ્ટ ખર્ચ જુદો.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઇતિહાસની કસોટી.

"ઈતિહાસનું પુનરાવર્તન થાય છે.' એ સર્વ વિશ્રુત વચનનો કાંઇ અર્થ હોય તો તે એટલો જ છે કે ગમે તે દેશ અથવા કાળ લો, મનુષ્યસ્વભાવ બધે સરખો જ હોય છે, અને તેથીજ સમાન પરિસ્થિતિમાં માનવી ઘટનાને પ્રવાહ સમાન સ્વરૂપનો હોય છે. આ તત્વ આમ સાદું તથા ક્ષુલ્લક દેખાય છે, છતાં ઈતિહાસના અનેક જટિલ પ્રશ્નોનો ઉકેલ લાવવાની એની શક્તિ અમોઘ છે. ઈતિહાસ વેત્તાઓએ હજી એ તત્વનો પૂરો ઉપયોગ કર્યો નથી. આ તત્વ જેને ગળે ઉતર્યું છે તે ઇતિહાસનું રહસ્ય સામાજીક માનસ શાસ્ત્રના સિદ્ધાંત ઉપરથી નક્કી કરવા માંડે છે, ઘણા વીર પુરૂષો અને મુત્સદ્દીઓ ઈતિહાસ વાંચ્યા વગર ઈતિહાસ નિર્માણ કરી શક્યા છે એનું કારણ પણ મનુષ્યસ્વભાવ-સમાજનો સ્વભાવ બરાબર પારખવાની તેમની શક્તિજ છે.

× × × ×

"મનુષ્યસ્વભાવ બધે સરખો છે એ મુખ્ય તત્વ સ્વીકાર્યા પછી બીજી એક વાત ધ્યાનમાં રાખવી જોઇએ. તે એ છે કે આ ધરતી ઉપર જે અનેક માનવવંશ છે તે દરેકનો પોતાના વિશિષ્ટ સ્વભાવ એવું કંઇક હોય છે. તે સ્વભાવ જાણી લઈયે ત્યારેજ તે વંશના ઈતિહાસનું રહસ્ય આપણી આગળ પ્રકટ થાય છે. એ સ્વભાવ નહિ જાણવાથી અર્થનો અનર્થ કેમ થાય છે તે જોવું હોય તો કેટલાક યુરોપીય ગ્રંથકારોએ શ્રી રામચંદ્રના પાવન ચરિત્રને જે ઘૃણાસ્પદ સ્વરૂપ આપ્યું છે તે જોવું, વિન્સેન્ટ સ્મિથે હિંદુસ્તાનના ઈતિહાસમાં બનેલા પ્રાચીન બનાવો મહા પ્રયાસથી આપણને એકત્ર કરી આપ્યા છે, પણ તે ઇતિહાસકાર હિંદુસ્તાનના આર્યવંશની મનોરચના સાથે યથાર્થ પરિચય નથી કરી શક્યો અને તેથી તેણે કાઢેલા અનુમાન દૂષિત છે.

× × × ×

"કોઈ પણ વંશનો ઇતિહાસ તેજ વંશનો વારસો જેમને મળ્યો છે એવા લોકોમાંથી બહુ શ્રુત અને નિષ્પક્ષ લોકોએ લખવો જોઇએ. પોતાના પૂર્વજોએ લખી રાખેલી વસ્તુઓનો અર્થ કેવી રીતે બેસાડવો એની કુંચી પરંપરાને લીધે એમના હાથમાં આવેલી હોય છે. જે વંશમાં શુદ્ધ ઈતિહાસ લખેલો હોતો નથી તેની પણ મહાન રાષ્ટ્રીય ઘટનાઓમાં તે વંશની દૃષ્ટિએ લાગતું રહસ્ય પરંપરાથી તે વંશમાં ચાલતું આવેલું હોય છે. શાસ્ત્રીય તર્ક કરતાં આ પરંપરાને વધારે કિંમત આપવી ઘટે છે, તેનું જ પ્રામાણ્ય બલવત્તર ગણાવું જોઇએ."

'કાલેલકરના લેખો' માંથી

For Private And Personal Use Only